Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

卐 卐 卐

પુસ્તક ૪૭ મુ.　　　　આત્મ　　　　સંવત ૨૦૦૬.
સં. ૫૪
અંક ૭ મો.　　　　તા. ૧૪-૨-૫૦　　　　માઘ

વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશકઃ-
શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


૧ શ્રી આદિજિનેશ્વર સ્તવન. ... ... ... ( લે જંબૂવિજયજી મહારાજ ) ૧૧૯
૨ દેવગિરિ ( ઐતિહાસિક લેખ તથા તેનો સુધારો ... ... ,, ૧૨૦ તથા સુધારો ૧૩૫
૩ તત્ત્વાવબોધ ... ... ... ... ...( લે આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી ) ૧૨૫
૪ અપરનામક જૈન ગ્રન્થકારો ... ( શ્રી હીરાલાલ રસિકદાસ કાપડીયા એમ. એ. ) ૧૨૯
૫ ચારુશીલા રમણીરત્નો. ... ... ... ( રા. મોહનલાલ દીપચંદ ચોકસી ) ૧૩૧
૬ સાક્ષરરત્ન મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજનો સાહિત્ય ... ... ...
યાત્રાધામ–જેસલમેરમાં અપૂર્વ પ્રવેશ–વાંચવા જેવું ... ... ... ... ૧૩૫
૭ સત્તરમી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન કોન્ફરન્સ ફાલનાનો હેવાલ ... ... ... ૧૩૭
૮ આચાર્યશ્રી વિજયલલિતસૂરિનો સ્વર્ગવાસ, જીવન હેવાલ, ... ... ... ...
નિર્વાણ મહોત્સવ, અને શોક સભાનો હેવાલ ... ... ... ... ... ૧૪૩
૯ સ્વીકાર–સમાલોચના ... ... ... ... ... ... ... પા. ૧૪૪


## આવકારદાયક સમાચાર.

આ સભા તરફથી ગતિમાન થયેલ ( અનેકાન્તવાદ ધર્મ વિષય લખવા માટેની ) ઇનામી નિબંધની યોજના અને તેજ રીતે દરવર્ષે જૈન સસ્તું સાહિત્ય પ્રકાશનના શરૂ કરેલ કાર્ય માટે જૈન મુનિમહારાજાઓ જૈન અને જૈનેતર વિદ્વાનો તરફથી આવકારદાયક–પ્રશંસાના તેમજ સહકારના પત્રો મળ્યે જાય છે. આ જૈન ધર્મનો મહાન અખંડ–સિદ્ધાંત ( અનેકાન્તવાદ ધર્મ ) ઉપર નિબંધ લખવા જે જે મુનિમહારાજાઓ, વિદ્વાનો–વિચારકો, અભ્યાસીઓ વગેરે મહાશયોને વિનંતિ કરી નિબંધ લખવા આમંત્રણ આપ્યા હતા જે આપેલી મુદત સુધી ગુજરાતી–ઇંગ્રેજી, હિન્દી, મરાઠી વગેરે ભાષામાં આવી ગયેલ છે, તેનો નિર્ણય કરવા માટે નિમાયેલ કમીટી તપાસી રહી છે, જેથી જેનો સૌથી શ્રેષ્ઠ નિબંધ હશે તેમને આગળ આત્માનંદ પ્રકાશમાં જણાવ્યા પ્રમાણે વેતન આપવામાં આવશે. થોડા વખતમાં પાસ થયેલ નિબંધ અને તેના લેખકનું નામ કમીટી પ્રકટ કરશે. અને બીજા નિબંધનો નિર્ણય પણ થોડા વખતમાં પ્રકટ કરવામાં આવશે.

**જૈન સસ્તું સાહિત્ય પ્રકાશન કમિટી.**
( શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર. )

## અમારા માનવંતા લાઈફ મેમ્બરો નમ્ર સુચના.

ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે શ્રી દમયંતી ચરિત્ર સચિત્ર, ૨ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભાગ બીજો, ૩ શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ બીજો અને જૈનમતનું સંક્ષિપ્ત સ્વરૂપ એ રીતે ચાર ગ્રંથો રૂા. ૧૩–૮–૦ ની કિંમતના ( જેમાં બીજા અને ત્રીજા નંબરના ગ્રંથોનું બાઈન્ડીંગ થાય છે, જે વૈશાક માસ સુધીમાં ) તૈયાર થઇ ગયે પોસ્ટેજ પૂરતા પૈસાથી વી.પી. કરી ભેટ મોકલવામાં આવશે. બીજા વર્ગના લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે ભેટ આપવામાં આવશે.

નંબર ૧ નો ગ્રંથ તૈયાર થયેલ છે તે જૈન બુકસેલર પાસેથી આપના જોવામાં આવે તો તે એક જ ગ્રંથ ભેટ મંગાવવા અમારા સભ્યોએ તસ્દી લેવી નહિં કારણ કે ઉપરોક્ત ચાર ગ્રંથો કમ્પલીટ ( તૈયાર ) થયે મોકલતાં જેમ આપને ( સભ્ય સાહેબોને ) પોસ્ટના ખર્ચનો બચાવ થાય છે તેમ સભા વિશેષ પડતી મહેનત કે અગવડ વધે નહિં તેથી દરવર્ષની જેમ એક સાથે જ ઉપર જણાવેલા મુદતે ચારે ગ્રંથો ભેટ મોકલવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૭૬. માહ પુસ્તક ૪૭ મું.

વિક્રમ સં. ૨૦૦૬. :: તા. ૧૪ મી ફેબ્રુઆરી ૧૯૫૦ :: અંક ૬ ઠ્ઠો

## श्री आदिजिनेश्वर स्तवन.

( રાગ—રખિયાં બંધાવો ભૈયા. )

જિનરાજ **આદિજિણંદા**! શિવસુખ આપો રે,
નાભિરાજા કે નંદા, જસ મુખ પુનમચંદા;
સોહે ચરણ અરવિંદા......................શિવસુખ૦ ૧
માતા મરૂદેવી જાયા, તીર્થંકર પ્રથમ કહાયા,
સેવે સુરાસુર ઇંદા.................શિવસુખ૦ ૨
તારો મુજને જિનરાયા! તારક જો બિરૂદ ધરાયા,
કાપો સવિ દુઃખદંદા.............શિવસુખ૦ ૩
અન્ય દેવો નહીં યાચું, શરણું તમારૂં સાચું,
જગનાથ સુરતરુ કંદા...........શિવસુખ૦ ૪
કરુણારસના ભંડારા, જંબૂના એક આધારા;
ટાળો ભવોભવ ફંદા...........શિવસુખ૦ ૫

મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દેવગિરિ

( ગતાંક પૃષ્ઠ ૧૦૩થી ચાલુ ).

## દેવગિરિ અને સહજા શેઠ.

ઉપર જે સાહુ **સહજા**એ બંધાવેલા જિનમંદિરને **જિનપ્રભસૂરિ**એ શાહીફરમાન બતાવીને મુસલમાનોથી કરાતા વિનાશથી બચાવી લીધું તે સાહુ સહજા શત્રુંજય તીર્થ ઉપર સં. ૧૩૭૧માં (મહા સુદ ૧૪ને દિવસે) ૧૫, મો ઉદ્ધાર[1] કરાવનાર સંઘપતિ **સમરસિંહ**

---

[1] આ ઉદ્ધારના સંબંધમાં નીચેની હકીકત અનુસંધાનમાં લેવા જેવી છે—વિ. સં. ૧૦૮માં **મધુમતી**( મહુવા )ના વતની **જાવડશાહે** ભગવાન વજસ્વામીના હાથે જે આદીશ્વર ભગવાનના બિંબની પ્રતિષ્ઠા કરાવી હતી તેના મસ્તકનો સં. ૧૩૬૯માં ૧૪મી સદીના મહા અત્યાચારી બાદશાહ અલ્લાઉદ્દીન ખૂનીના સૈનિકોએ ઉચ્છેદ કરી નાખ્યો હતો, અને સં. ૧૨૧૩માં ઉદાયનમંત્રીના પુત્ર **બાહડમંત્રી**એ બે ક્રોડ, સત્તાણુ લાખ દ્રવ્ય ખર્ચીને જે મુખ્ય મંદિર બંધાવ્યું હતું તેના પણ કેટલાક ભાગોનો વિનાશ કર્યો હતો. સં. ૧૩૮૫માં રચેલા **શત્રુંજયતીર્થ**કલ્પ( વિવિધ તીર્થ કલ્પાન્તર્ગત )માં જિનપ્રભસૂરિજી જણાવે છે કે—હી ग्रहर्तुक्रियास्थानसंख्ये विक्रमवत्सरे । **जावडि**स्थापितं बिम्बं म्लेच्छैर्भग्नं कलेर्वशात् ॥ ૧૨૧ ॥ હા, હા ! મહાખેદની વાત છે કે, જાવડશાહે સ્થાપેલા બિંબને સં. ૧૩૬૯માં કલિકાલના પ્રભાવથી મ્લેચ્છોએ ભાંગી નાંખ્યું. ઉપદેશતરંગિણીમાં (પૃ. ૧૩૬, ૧૩૭) કહ્યું છે કે, દિલ્હીથી ૧ લાખ એંશી હજારની મુસલમાન ફોજ સૌરાષ્ટ્રમાં આવી હતી, અને તેણે જાવડશાહે સ્થાપેલી પ્રતિમાનો ભંગ કર્યો હતો.

આ દુઃખદ અને ભયાનક ઘટનાથી ભારતવર્ષના સમગ્ર જૈનસંઘમાં હાહાકાર વ્યાપી ગયો હતો અને જૈનોના પ્રાણસમાન આ સર્વશ્રેષ્ઠ તીર્થનો વિનાશ થવાથી આખો સંઘ શોકસાગરમાં ડૂબી ગયો હતો. બરાબર આ અવસરે જ જિનશાસનરૂપી **વનમાં સમર** નામનો **સિંહ** પ્રગટ થયો કે જેણે પોતાના બુદ્ધિ-પરાક્રમથી અતિવિષમ સમયમાં પરમતારક શત્રુંજય તીર્થાધિરાજનો ઉદ્ધાર કર્યો. સમરસિંહ ઉપર સુલતાનની ઘણી પ્રીતિ હતી, તેથી તેનો લાભ ઉઠાવવા તેણે નિર્ણય કર્યો. અને જેના દર્શનમાત્રથી જીવન ધન્ય બને છે તે તીર્થનો ઉદ્ધાર કરવાની તેણે પ્રતિજ્ઞા લીધી. સુલતાનને પ્રસન્ન કરીને ફરીથી તીર્થસ્થાપના માટે મંજૂરી મેળવી લીધી.

**વસ્તુપાલ** મંત્રીએ ભવિષ્યમાં મ્લેચ્છોથી તીર્થના ભંગની સંભાવનાથી જાવડશાહે જે મમ્માણિ ખાણના પાષાણથી પ્રતિમા ભરાવી હતી તેજ ખાણમાંથી બે મોટી શ્રેષ્ઠ ફલહી( શિલા ) લાવીને ભોંયરામાં રાખી હતી કે કદાચ ભવિષ્યમાં મૂર્તિનો ભંગ થાય તો તેમાંથી યુગાદિદેવ શ્રી આદિનાથ અને શ્રી પુંડરીકસ્વામીની પ્રતિમા ભરાવી શકાય. સમરસિંહે આ પાષાણની મૂર્તિ ભરાવવા વિચાર કર્યો, પરંતુ 'વિષમ કાલમાં આવી શ્રેષ્ઠ ફલહીનો ઉપયોગ કરવામાં જોખમ છે' એમ માનીને સંઘે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(સમરેશા) ઓસવાલના જ્યેષ્ઠ બંધુ જ જણાય છે. ઉકેશગચ્છના શ્રી કક્કસૂરિએ સં. ૧૩૯૩માં **કંજરોટપુર**માં રચેલા **નાભિનંદનોદ્ધાર પ્રબંધ**માં તથા નિવૃત્તિ ગચ્છના **પા**સડસૂરિના

રજા ન આપી, તેથી આરાસણની ખાણમાંથી બીજી એક મોટી ફલહી કઢાવી. આ મોટા પાષાણને પાલિતાણા લાવવા **માટે** ગાડાને **૨૦** તો બળદ જોડવામાં આવ્યા હતા, ચોરાશી પુરૂષોએ ખભા ઉપર ઉપાડીને ૬, દિવસે તો ડુંગર ઉપર ચડાવ્યો હતો, અને તેમાંથી પ્રતિમા ઘડવા **માટે** અતિકુશલ **૧૬** કારીગરો પાટણથી લાવવામાં આવ્યા હતા. પ્રતિમાજી તૈયાર થયા પછી મહામહોત્સવપૂર્વક ધર્મવીર સમરસિંહે શ્રી **સિદ્ધસૂરિ**જીના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી અને મ્લેચ્છોએ ભાગેલા બાહડમંત્રીના મંદિરના બાકીના ભાગને પણ શિખર સુધી બંધાવીને પૂર્ણ કર્યો હતો. આ સિદ્ધસૂરિજીના શિષ્ય કક્કસૂરિએ જ સં. ૧૩૯૩માં નાભિનંદનોદ્ધારપ્રબંધની સંસ્કૃતમાં રચના કરી છે તેમાં તથા પાર્શ્વદત્તસૂરિના શિષ્ય અંબદેવસૂરિએ ગુજરાતી ભાષામાં રચેલા **સમરારાસ**(જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય, (શ્રી જૈન આત્માનંદ સભા પ્રકાશિત)માં આ ઉદ્ધારનું અત્યંત આનંદજનક વિસ્તારથી વર્ણન છે. આજે પણ જૈન ઇતિહાસમાં મહામાત્ય વસ્તુપાલ અને પેથડશાહ પછી ધર્મરત્ન **સમરાશાનું** તેજસ્વી નામ ઝળકી રહ્યું છે.

મહાદુઃખની વાત છે કે, સમરાશાએ સ્થાપેલા બિંબનું મસ્તક પણ પુનઃ કોઇ નરપિશાચ દુષ્ટ મ્લેચ્છોએ ખંડિત કર્યું હતું. અને તેથી તેનો ફરીથી ઉદ્ધાર કરવાની ફરજ ઉપસ્થિત થઇ હતી. આ કાર્ય ચિતોડના વતની અને ત્યાંના મહારાણા સાંગાના પરમમિત્ર શેઠ તોલાશાહના સુપુત્ર શેઠ **કર્માશાહે** કર્યું. એકદા સંઘમાં તપાગચ્છના **ધર્મરત્નસૂરિ** ચિતોડ આવ્યા હતા. તે સમયે તોલાશાહે ગુરુને પૂછ્યું હતું કે, શત્રુંજય ઉપરના સમરાશાહે સ્થાપેલા બિંબનું ખંડન થયું છે તેના ઉદ્ધારનો મનોરથ સિદ્ધ થશે કે નહીં? ગુરુએ કહ્યું કે, તારો પુત્ર કર્માશાહ એ કાર્ય કરશે. ત્યાર પછી કાલક્રમે તોલાશાહ સ્વર્ગે સિધાવ્યા. કર્માશાહ કાપડનો વ્યાપાર કરતા હતા. તેમાં એક પ્રસંગમાં શાહજાદા બહાદુરખાન સાથે તેમની મૈત્રી થઇ હતી. સં. ૧૫૮૩માં એ જ શાહજાદો અમદાવાદમાં બહાદુરશાહનું નામ ધારણ કરી ગાદી ઉપર બેઠો. અવસર સાધીને કર્માશાહે તીર્થોદ્ધાર માટે મંજુરી મેળવી લીધી. અને ઠાઠમાઠ-પૂર્વક સંઘ લઇને પાલિતાણા આવ્યા. જે પાષાણમાંથી પ્રતિમા ભરાવવાની સમરાશા ઓસવાલની ઇચ્છા સંઘની અનુમતિ ન મળવાથી મનમાં ને મનમાં જ રહી ગઇ હતી તે જ વસ્તુપાલ મંત્રીએ લાવીને રાખેલા મમ્માણિ પાષાણની પ્રતિમા ભરાવવાનું સદ્ભાગ્ય કર્માશાહને પ્રાપ્ત થયું. તેમણે એ પાષાણ ભોંયરામાંથી કઢાવ્યો, અને વાસ્તુશાસ્ત્રમાં નિષ્ણાત વાચક વિવેકમંડન અને પં. વિવેકધીરની દેખરેખ નીચે પ્રતિમા ભરાવી. અંતે સર્વ ગામના સંઘોને આમંત્રણ આપીને ઉપરોક્ત ધર્મરત્નસૂરિના પટ્ટશિષ્ય શ્રી **વિદ્યામંડનસૂરિજી**ના હસ્તે સં. **૧૫૮૭**ના વૈશાખ વદિ ૬ ને રવિવારે મહામહોત્સવપૂર્વક તેની પ્રતિષ્ઠા કરાવી. આપણે જેમને **આદીશ્વર દાદા** કહીને સંબોધીએ છીએ અને જેના દર્શન માત્રથી અમૃતનું પાન કર્યાનો આનંદાનુભવ થાય છે તે આ વસ્તુપાલમંત્રીએ લાવેલા પાષાણની ભરાવેલી અને કર્માશાહે સ્થાપેલી જ પ્રતિમા છે. આ નિતાંત પુણ્યમય પરમાણુઓથી બનેલી મૂર્તિનાં દર્શન કરતાં અંગે અંગે રોમાંચ ખડાં થાય છે અને આનંદનો મહાસાગર ઉછળે છે. અહીં ભારતના ખૂણે ખૂણેથી પ્રતિવર્ષ લાખો લોકો યાત્રાર્થે આવે છે. આ ઉદ્ધારની વિસ્તૃત હકીકત ઉપરોક્ત પં. વિવેકધીરે બનાવેલા સંસ્કૃત **શત્રુંજયોદ્ધારપ્રબંધ**માં વિસ્તારથી છે, કે જે શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગરથી પ્રગટ થયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિષ્ય **અંબદેવસૂરિએ** સં. ૧૩૭૧માં (?) રચેલા **સમરસિંહરાસ**માં આ ઉદ્ધારનું ઘણા વિસ્તારથી વર્ણન છે. સમરસિંહરાસમાં જણાવ્યું છે કે—"પાટણમાં રહેતા **દેસલશાહ**ને **સ**હજ, **સા**હણ અને **સ**મરસિંહ એમ ત્રણ પુત્રો હતા. તેમા સમરસિંહ રત્નપરીક્ષામાં નિષ્ણાત હતો અને તેણે રાજ્યકારભારી વર્ગમાં ઘણું માન પ્રાપ્ત કર્યું હતું. વચલા પુત્ર સાહણે ખંભાત બંદરમાં નિવાસ કરીને પૂર્વજોની કીર્તિ પ્રાપ્ત કરી હતી. સૌથી મોટા પુત્ર સહજપાલે દક્ષિણદેશના દેવગિરિમાં જઇને નિવાસ કર્યો હતો, અને ત્યાં ચોવીશ જિનાલય બંધાવીને તેમાં **શ્રી પાર્શ્વનાથ ભગવાન**ની મૂલનાયકરૂપે સ્થાપના કરી હતી." (ભાષા, ૨).

નાભિનંદનોદ્ધાર પ્રબંધમાં (પ્રસ્તાવ, ૨) જણાવ્યું છે કે-સહજે રાજા **રામ**દેવને ગુણોથી એવો વશ કરી લીધો હતો કે બીજાની વાત પણ ન કરે. અને કર્પૂરથી સુવાસિત તાંબૂલ આપતો હોવાથી મંગલપાઠકોએ તેનું 'કર્પૂરધારાપ્રવાહ' એવું બિરૂદ આપ્યું હતું. સહજ શેઠે રામદેવરાજાને ભેટણાંઓથી પ્રસન્ન કરીને જિનાલય માટે ભૂમિ મેળવી હતી અને થોડા જ સમયમાં જિનાલય બંધાવીને તૈયાર કરાવ્યું હતું. તેમાં પ્રતિષ્ઠા કરવા માટે સહજના પિતા દેશલશાહ ચોવીશ જિનબિંબ, બીજાં બે મોટાં જિનબિંબ તથા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા તૈયાર કરાવીને સ્કંધવાહકના ખભા ઉપર સ્થાપી ગુરૂશ્રી **સિદ્ધસૂરિજી**ની સાથે પાટણથી દેવગિરિ તરફ ચાલ્યા હતા. ગુરુનો તથા પ્રતિમાજીનો ઘણા મહોત્સવપૂર્વક સહજાશેઠે દેવગિરિમાં પ્રવેશ કરાવ્યો હતો. પછી શ્રી સિદ્ધસૂરિજીના હાથે જ પ્રતિષ્ઠા કરાવી હતી. જિનપ્રાસાદ આગળ વિશાલ મંડપ હતો અને તેમાં ૨૪ દેરીઓ હતી. જિનાલય ફરતો મનોહર હવેલીસહિત કિલ્લો કરાવ્યો હતો. પ્રતિષ્ઠા થઇ રહ્યા પછી દેસલશાહ ગુરુજી સાથે પાટણ પાછા ફર્યાં હતા.

પ્રબંધમાં એ પણ જણાવ્યું છે કે-સમરસિંહ સંઘ લઈને શત્રુંજયતીર્થોદ્ધાર માટે પાલિતાણા આવ્યા હતા, અને ગિરિરાજ ઉપર ચઢ્યા ન હતા, તેટલામાં જ દેવગિરિથી સહજા શેઠ અને ખંભાતથી સાહણ શેઠ પણ સંઘ લઇને પાલિતાણા આવી પહોંચ્યા હતા. સમરાશા એક યોજન સામા જઇને બંને વડિલ બંધુઓને ભેટી પડ્યા હતા.

## શ્રી જિનપ્રભસૂરિ અને દેવગિરિ.

લઘુ ખરતરગચ્છપ્રવર્તક શ્રી જિનસિંહસૂરિના શિષ્ય **શ્રી જિનપ્રભસૂરિજી** એક અસાધારણ પ્રતિભાવાન્ તથા મંત્ર-તંત્ર-ચમત્કારાદિના જાણકાર હતા. તેમનો જીવનસમય વિક્રમની ચૌદમી સદી છે. તેમણે ભારતવર્ષના ભિન્ન ભિન્ન સ્થળોમાં વિહાર કરીને જૈન-તીર્થસ્થાનોનું યથાશ્રુત અને યથાદષ્ટ વર્ણન કરતા ૫૮ કલ્પોની રચના કરી છે કે જે **વિવિધતીર્થકલ્પ**ના નામથી પ્રસિદ્ધ છે. આ કલ્પોમાં ઘણી ઘણી ઐતિહાસિક તેમજ ભૌગોલિક સામગ્રી ભરેલી છે. તે પૈકીનો **અપાપાબૃહત્કલ્પ** તેમણે સં. ૧૩૮૭ના ભાદરવા વદ ૧૨ ને દિવસે દેવગિરિમાં રહીને રચ્યો છે.

દિલ્લીપતિ મુસ્લિમ શહેનશાહ મહમ્મદ તઘલક ઉપર તેમનો ઘણો પ્રભાવ હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કન્યાનયનીય મહાવીરપ્રતિમાકલ્પ**માં તેમણે જણાવ્યું કે—" મહમ્મદ તઘલકે સાથે મોકલેલા ઘણા આડંબર સાથે દિલ્લીથી પ્રયાણ કરીને શાસનપ્રભાવના કરતા તેઓ મહારાષ્ટ્રના દેવગિરિ નગરમાં આવ્યા હતા અને ત્યાંથી સંઘપતિ જગસિંહ, સાહણ તથા મલ્લદેવ વગેરે સંઘ સાથે પ્રતિષ્ઠાણ ( પૈઠણ ) ગયા હતા અને ત્યાં શ્રી મુનિસુવ્રત ભગવાનની જીવંતસ્વામી પ્રતિમાનાં દર્શન કર્યાં હતાં." આ બનાવ સં. ૧૩૮૫ પછીનો છે.

## દેવગિરિ અને શાહ જગસિંહ.

તપાગચ્છાધિપતિ શ્રી સોમસુંદરસૂરિના શિષ્ય **શ્રી રત્નશેખરસૂરિજી**એ સં. ૧૫૦૬ માં રચેલી શ્રાદ્ધવિધિની સ્વોપજ્ઞવૃત્તિવિધિ કૌમુદીમાં ( પૃ. ૧૦૩ ) તથા **संतिकरं** આદિના કર્તા સહસ્રાવધાની શ્રી મુનિસુંદરસૂરિજીના શિષ્ય શ્રી **શુભશીલગણિ**એ રચેલી ભરતેશ્વર બાહુબલિવૃત્તિ ( **ભરહેસર બાહુબલિ**ની ટીકા ) અપરનામ કથાકોશની બાવીશમી કથામાં સાધર્મિકવાત્સલ્ય ઉપર દેવગિરિના શાહ **જગસિંહ**નું દૃષ્ટાંત આપ્યું છે. દૃષ્ટાંતનો સાર એ છે કે—સાધર્મિક વાત્સલ્ય મુક્તિને આપનારું છે એમ ગુરુમુખે સાંભળીને જગસિંહ શેઠે દેવગિરિમાં ૩૬૦ વણિકપુત્રોને પોતાના સમાન ઋદ્ધિવાળા કર્યા હતા. તે બધાને ત્યાં અનુક્રમે વર્ષમાં એક વાર પકવાન્ન આદિની ઉત્તમ રસોઈ કરવામાં આવતી હતી. અને બધા શ્રાવક કુટુંબો એકત્ર જમતા હતા. આ જમણમાં પ્રતિદિન ૭૨૦૦૦ ટંકનો ખર્ચ થતો હતો. આ પ્રમાણે જમાડવાનો વારો દરેકને વર્ષે વર્ષે એક વાર આવતો હતો.

શ્રી શુભશીલગણિજીએ ૨૩ મી કથામાં જણાવ્યું છે કે જગસિંહ શેઠ તપાગચ્છનાયક શ્રી સોમતિલકસૂરિજીના ભક્ત હતા, અને તેમના ઉપદેશથી હજારો ઘોડા તથા બાવન દેવાલયો સાથે લઈને સોમતિલકસૂરિજી સાથે શત્રુંજય-ગિરનારની યાત્રા કરી હતી.

શ્રી શુભશીલગણિએ ૨૧ મી કથામાં જણાવ્યું છે કે શ્રી જિનપ્રભસૂરિજી ગ્રામાનુગ્રામ ચૈત્યપરિપાટી કરતા દેવગિરિ ગયા હતા. ત્યારે સર્વમંદિરોમાં દર્શન કરતા અનુક્રમે જગસિહ શેઠના ગૃહમંદિરના દર્શનાર્થે પણ ગયા હતા. ત્યાં શ્રેષ્ઠ વૈડૂર્યરત્નમય, સ્ફટિકમય તથા સુવર્ણ-રૂપ્યમય પ્રતિમાઓવાળું તીર્થતુલ્ય ગૃહચૈત્ય જોઈને તેમણે મસ્તક ધૂણાવ્યું હતું. જગસિહ શેઠે મસ્તક ધુણાવવાનું કારણ પૂછતાં તેમણે જણાવ્યું કે હમણાં તમારા ગૃહચૈત્યનાં દર્શન કર્યાં અને વિહારમાં આવતાં **જંઘરાલપુરમાં** તપાગચ્છીય **શ્રી** સોમતિલકસૂરિજીને વાંદ્યા. આ બંને તીર્થો મનમાં આવવાથી મેં મસ્તક ધૂણાવ્યું છે. આથી તેમને ગુણાનુરાગી જાણીને જગસિંહશેઠે વિશેષ પ્રકારે શ્રીજિનપ્રભસૂરિની ભક્તિ કરી હતી.

શ્રી રત્નશેખરસૂરિજીના શિષ્ય શ્રી નંદિરત્નના શિષ્ય શ્રી **રત્નમંદિરગણિજી**એ રચેલી ઉપદેશતરંગિણી ( પૃ. ૧૫૯-૧૬૦ ) માં પણ શ્રી સોમતિલકસૂરિજી દેવગિરિમાં જગસિંહશાહને ઘેર દેવદર્શન કરવા ગયાનો ઉલ્લેખ છે.

**જગસિંહશેઠ** અડગ સત્યવાદી હતા. એ સંબંધી હકીકત શ્રી સોમધર્મગણીએ સં. ૧૫૦૩ માં રચેલી ઉપદેશસપ્તતિ વગેરેમાં વિસ્તારથી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દેવગિરિ અને જગદ્ગુરુ શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજ.

અકબરશાહ પ્રતિબોધક શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજના જીવનનું વિસ્તૃત વર્ણન લગભગ તેમના સમકાલીન જ શ્રી દેવવિમલગણિએ રચેલા સ્વોપજ્ઞવૃત્તિયુક્ત હીરસૌભાગ્ય-મહાકાવ્યમાં છે. તેના ૬ ઠ્ઠા સર્ગમાં જણાવ્યું છે કે–મુનિ હીરહર્ષ ( આચાર્યપદવી પૂર્વેનું હીરસૂરિ મહારાજનું નામ ) તેમના ગુરુ શ્રી વિજયદાનસૂરિજીની પાસે નિખિલ વાઙ્મયનો અભ્યાસ કરીને ન્યાયશાસ્ત્રાભ્યાસ કરવા માટે શ્રી ધર્મસાગરમુનિની સાથે દક્ષિણના દેવગિરિમાં ગયા હતા. ત્યાં રહીને તેમણે શ્રાવકોએ બોલાવેલા બ્રાહ્મણપંડિત પાસે તર્કપરિભાષા, મિત-ભાષિણી, શશધર મણિકંઠ, વરદરાજી, પ્રશસ્તપાદ ભાષ્ય, વર્ધમાન, વર્ધમાનેન્દુ, કિરણાવલી વગેરે ગ્રંથોનો અભ્યાસ કરીને ગંગેશોપાધ્યાયકૃત ચિંતામણિનો અભ્યાસ કર્યો [1]હતો. અભ્યાસનો બધો ખર્ચ ત્યાંના **શેઠ દેવસી** અને તેની પત્ની **જસમાદેવીએ** કર્યો હતો. હીરહર્ષે ત્યાં રહીને બીજા પણ જ્યોતિષ, ગણિત, સામુદ્રિક, વ્યાકરણાદિ શાસ્ત્રોમાં નિપુણતા મેળવી હતી અને પછી ત્યાંથી પોતાના ગુરુ પાસે મારવાડ ગયા હતા.

## દેવગિરિ સંબંધી બીજા પ્રકીર્ણ ઉલ્લેખો.

આ ઉપરાંત બીજા પણ પ્રાસંગિક ઉલ્લેખો દેવગિરિના સંબંધમાં જોવામાં આવે છે. ઉદાહરણાર્થ—

શ્રી ધર્મઘોષવિરચિત કલાકાચાર્ય કથાની સં. ૧૪૭૩માં ખંભાતમાં લખાયેલી એક પ્રતિના અંતમાં તેના લખાવનાર આદિનું વર્ણન કરતી ૪૮ શ્લોકની એક પ્રશસ્તિ છે. આ પ્રશસ્તિ **પ્રેમી અભિનંદન ગ્રંથ**માં **ऐतिहासिक महत्त्वकी एक प्रशस्ति** એ શીર્ષક નીચે સારાભાઇ મણિલાલ નવાબે પ્રસિદ્ધ કરી છે. ( પૃ. ૫૪૬ થી પૃ. ૫૫૦ ) તેના ૯ મા તથા **૧૦** મા શ્લોકમાં જણાવ્યું છે કે દેવગિરિમાં વસતા રાજમાન્ય **રાજા** નામના સંઘપતિએ શત્રુંજય–ગિરનાર–આબુ–અંતરિક્ષજી–જીરાઉલા–કુલ્પાક વગેરે તીર્થોની યાત્રા કરી હતી. ચોવીશ અને તે પછીના શ્લોકોમાં જણાવ્યું છે કે–" **નૂન** નામના દેવગિરિમાં વસતા સંઘપતિએ **અંતરિક્ષ** વિગેરે તીર્થોની યાત્રા કરીને શત્રુંજય–ગિરનાર–આબુ વિગેરે તીર્થયાત્રા માટે સંઘ લઇને ચાલ્યા હતા. બધી યાત્રા કરીને સંઘ પાટણ આવ્યો હતો અને ત્યાં તપાગચ્છાધિ-પતિ શ્રી સોમસુંદરસૂરિને વાંદ્યા હતા. ત્યાં પાટણમાં જ ઉપર જણાવેલ **રાજા** ( રાજમલ્લ ) નામના સંઘવીની **દેમાઈ** નામની પત્નીએ ગુરુદેશનામાં પુસ્તક લખાવવામાં મહાન ફળ સાંભ-ળીને સં. ૧૪૭૩ માં ખંભાતમાં પ્રતિ લખાવી હતી."

શ્રી પ્રતિષ્ઠાસોમ મુનિએ સં. ૧૫૨૪ રચેલા શ્રી સોમસુંદરસૂરિનું જીવન વર્ણવતા **સોમ-સૌભાગ્ય** કાવ્યમાં જણાવ્યું છે કે **સોમસુંદર** સૂરિજીએ **દેવકુલપાટક**માં જ્યારે શ્રી

[1] અહીંથી વિહાર કરી મારવાડમાં ગયા પછી સં. ૧૬૦૭ માં **નાડોલાઇ** ગામમાં પંડિત પદવી **હીરહર્ષ**મુનિને ગુરુમહારાજે આપી છે. એટલે આ દેવગિરિમાં આ અભ્યાસનો સમય સં. ૧૬૦૭ થી પૂર્વે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તત્ત્વાવબોધ

( લેખક–આચાર્યમહારાજશ્રી વિજયકસ્તૂરસૂરિજી )

( અંક ૪ થો, પૃષ્ઠ ૭૮ થી ચાલુ )

૧૬

અપરાધો અપરિમિત છે અને ક્ષમા પરિમિત છે. એટલે શુદ્ધિ થવી મુશ્કેલ છે. કષાયોના ઉપશમ ભાવ સિવાય સાચી ક્ષમા કહેવાય નહિ અને સાચી ક્ષમા સિવાય સમભાવ આવી શકે નહિ. એટલે નિરંતર અપરાધો થવાના જ. જેમની પાસે ક્ષમા માગવી તેમના ફરીને અપરાધી ન થવાય તો જ ક્ષમાની સાર્થકતા કહેવાય.

મન–વચન–કાયાથી કોઈનો પણ અપરાધ ન થવા પામે એવું લક્ષ્ય રાખવામાં આવે તો નિષ્કારણ અપરાધી બની શકાય નહિ અને

**રત્નશેખર** વાચકને આચાર્યપદવી આપી ત્યારે મહોત્સવનો સર્વ ખર્ચ દેવગિરિથી આવેલા **મહાદેવ** નામના શ્રીમંત શ્રાવકે કર્યો હતો. આ મહાદેવ શેઠનો ઉલ્લેખ ગુરુગુણરત્નાકર કાવ્યમાં પણ છે.

ખરતર ગચ્છના શ્રી જિનભદ્રસૂરિએ વિક્રમની ૧૫ મી સદીના અંતભાગમાં દેવગિરિમાં જ્ઞાનભંડારની સ્થાપના કર્યાનો ઉલ્લેખ સમયસુંદરજીએ અષ્ટલક્ષીની પ્રશસ્તિમાં કર્યો છે.

દેવગિરિના સંઘવી ધન્યરાજ નગરાજ નામના બે ભાઈઓએ સિદ્ધાચલની યાત્રા કરીને પાટણમાં આવીને ત્યાં સોમવિજયજીવાચકને આચાર્ય પદ તથા જિનસોમપંડિતને ઉપાધ્યાય પદવી અપાવ્યાનો ઉલ્લેખ પણ મળે છે.

તપાગચ્છીય શ્રી હેમવિમલસૂરિજીના પ્રશિષ્ય સુરહંસમુનિના શિષ્ય શ્રી લાવણ્યમુનિએ દેવગિરિમાં રહીને સં. ૧૫૭૧ માં **વત્સરાજ–દેવરાજ રાસની** રચના કરી છે. આ સિવાય બીજા પણ ઉલ્લેખો તપાસ કરતાં મળવાનો સંભવ છે.

આ જોતાં સ્પષ્ટ જણાય છે કે દેવગિરિમાં ઘણાં ઘણાં વર્ષો સુધી જૈનોનું વિશિષ્ટ સ્થાન હતું. અનેક નાના–મોટા આચાર્યાદિ મુનિવરો પધારતા હતા. કાલવશાત્ આજે દેવગિરિ ઉર્ફે દોલતાબાદ સાવ વેરાન દશામાં છે. બધી થઇ ૨૦૦૦ માણસની વસ્તી, તેમાં અર્ધા મુસ્લિમ છે. બાકીના હિંદુ છે. એક પણ શ્વેતાંબર જૈનનું ઘર કે [1]મંદિર નથી. એકાદ દક્ષિણી દિગંબર જૈન છે, અને એક ઘર જેવું દિગંબર મંદિર છે. અને તેમાં પણ પ્રતિમાઓ માત્ર ગોઠવી જ દીધેલી છે. પૂજા–અર્ચા–વ્યવસ્થાનું કંઇ નામ–નિશાન નથી. ( ચાલુ )

૧ અત્યારે ઓરંગાબાદમાં મુખ્ય શ્રી પાર્શ્વનાથ ભગવાનના મંદિરમાં એક શ્રી શાંતિનાથ ભગવાનના પ્રતિમાજી છે. ઔરંગાબાદના લોકો કહે છે કે–" આ પ્રતિમાજી દેવગિરિ–દોલતાબાદથી મૂલનાયક રૂપે પ્રતિષ્ઠા કરવા માટે લાવવામાં આવ્યા હતાં, પણ કોઇ કારણવશાત્ મૂલનાયક રૂપે સ્થાપના થઈ શકી નથી. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના માટે કષાયની મંદતાની ઘણી જરૂરત છે. નિષ્કષાયી, નિરપરાધી રહી શકે છે. મિથ્યાભિમાની ક્ષમા માગે તો યે નિરપરાધી બની શકે નહિ, કારણ કે કષાયોનું મૂળ અભિમાન છે. અભિમાનીમાં નમ્રતા હોય નહિ, અને તેથી તે સ્વોત્કર્ષ અને પરાપકર્ષવાળો હોવાથી પ્રથમ તો ક્ષમા માગતો જ નથી અને કદાચ માગે તોય અહંતાગર્ભિત ક્ષમા હોવાથી તે દેખાવ પૂરતી જ ક્ષમા હોય છે એટલે તે ફળશૂન્ય હોય છે.

આપણે આપણા આત્માના જ ઘણા અપરાધી છીએ, માટે પોતાના આત્માની જ ક્ષમા માંગવાની જરૂરત છે. જે પોતાના આત્માની સાચી રીતે ક્ષમા માગે છે તેને અપરાધી બનવાનો પ્રસંગ આવતો નથી. જે બીજા જીવોની ક્ષમા માગે છે અને આત્માની ક્ષમા માંગતો નથી તે અપરાધોથી મૂકાતો નથી. આત્માની અનેક પ્રકારની માઠી ગતિઓમાં અનેક પ્રકારની યાતનાઓ ભોગવવી પડે છે. તે આપણી આત્મા પ્રત્યેની નિર્દયતાનું પરિણામ છે. બહિરાત્મા અજ્ઞાનતાને લઈને પોતાના માનેલા બનાવટી સુખ માટે અંતરાત્માનું ઘણું જ અહિત કરીને અપરાધી બને છે માટે અંતરાત્માની ક્ષમા માગી નિરપરાધી બનનાર સંસારના જીવમાત્રના અપરાધોથી મુક્ત થાય છે. તે સિવાય તો માત્ર બીજા જીવોની પાસે ક્ષમા માગવી તે એક રૂઢિ સચવાય છે. અત્યારની રૂઢિમાં બહિરાત્મા બીજા બહિરાત્માની ક્ષમા માંગે છે તે માત્ર પૌદ્‌ગલિક સુખમાં પહોંચાડેલી બાધાને આશ્રયીને છે. પાંચે ઇંદ્રિયોના વૈષયિક સુખમાં મગ્ન અજ્ઞાની બહિરાત્માને તેના માનેલા વૈષયિક સુખમાં અંતરાય ઉભો કરવાથી તેને દુઃખ થાય છે. વર્ણ-ગંધ-રસ-સ્પર્શ અને શબ્દનો અણુગમતો ઉપયોગ કરવાથી તેને દુઃખ થાય છે. પોતાની ક્ષુદ્ર વાસનાઓ પોષવાને વિષયાભિનંદી જીવોના જીવવામાં અંતરાય નાખવાથી તેને દુઃખ થાય છે.

આ પ્રમાણે બહિરાત્માઓ એક બીજાના અપરાધી બને છે, તેની જ માત્ર અત્યારે ક્ષમા માગવાની પ્રથા છે. એટલે ક્ષમા માગવા છતાં પણ જીવો અપરાધથી મુકાતા નથી. અને નિરંતર અપરાધ કર્યે જાય છે, તેથી કોઈ પણ જન્મમાં તેમને નિરપરાધી બનવાનો વખત જ આવતો નથી અને અંતરાત્માની પ્રીતિ જાળવી શકાતી નથી. કેવળ અધ્યાત્મની-અંતરાત્મા-બહિરાત્મા-પરમાત્માની તથા સ્વર્ગની-અપવર્ગની વાતો કરવા માત્રથી નિરપરાધી બની શકાય નહિ. તેમજ પરમાત્મ દશા પ્રાપ્ત કરી શકાય નહિ. આત્મા સત્ છે, જગત અસત્ છે, કષાય-વિષય અકલ્યાણના હેતુ છે, વસ્તુ માત્ર ક્ષણવિનશ્વર છે, સંયોગ દુઃખનું મૂળ છે, આત્મા એકલો છે, નિત્ય છે, શાશ્વતો છે, સુખસ્વરૂપ છે, વૈષયિક સુખ દુઃખસ્વરૂપ છે, રાગ, દ્વેષ, મોહ આત્માના અહિતકર્તા છે, ઇત્યાદિ વાતો સાચી છે, પણ તે અંતરાત્મ દશાને પ્રાપ્ત થએલા માટે છે, બાકી બહિરાત્મ દશાવાળા માટે તો બધું વ્યર્થ છે. કેવળ બોલવા પૂરતું છે અને સ્વાર્થ સાધવા પૂરતું છે, માટે અંતરાત્મ દશાની ક્ષમા માગીને નિરપરાધી બનવાની આવશ્યકતા છે. જે અંતરાત્માની ક્ષમા માગે છે તે અવશ્ય પરમાત્માના દર્શનનો અધિકારી બની શકે છે અને નિરપરાધી બનીને શાશ્વત સુખનો ભોગી બની શકે છે.

૧૭

તે જ સાચું છે, નિઃશંક છે, જે જિનેશ્વરોએ કહ્યું છે. આવી શ્રદ્ધાની ખામીને લઈને દેહાધ્યાસ સર્વથા છૂટતો નથી. આત્મા અમર છે એમ જાણ્યું છે છતાં મોતનો ભય છૂટતો નથી. પૌદ્‌ગલિક વસ્તુઓના સંયોગથી માનેલું સુખ તે સાચું નથી. કારણ કે તેનું પરિણામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખ હોવાથી તે દુઃખસ્વરૂપ છે. આવું જાણવા છતાં પણ કાંઇક અંશે મનોવૃત્તિઓમાંથી પૌદ્‌ગલિક સુખની વાસના જોઇએ તેવી ભૂંસાતી નથી. વાસનાઓને લઈને તેવાં સુખ મેળવવાની સ્ફુરણાઓ થાય છે, એટલી શ્રદ્ધાની કચાશ સમજાય છે. સજીવ અથવા તો નિર્જીવ, સંસારમાંની કોઇપણ વસ્તુ પછી તે દેહ હોય, ધનસંપત્તિ હોય, બાગ બંગલા, મોટર કે નોકરચાકર હોય, અને છેવટ માતા–પિતા–પુત્ર–સ્ત્રી સગાસંબંધી કે સ્નેહી કેમ ન હોય, પણ પરિણામે બધાયનો વિયોગ અવશ્ય થશે. આમ જાણવા છતાં પણ અંતરમાં કલ્પનાસૃષ્ટિ સર્જીને મમતાની સાંકળથી આત્મા બંધાઇ રહ્યો છે, તે જ શ્રદ્ધાની કંઇક અંશે ખામી જણાય છે. સાચી રીતે જાણીએ છીએ કે દેહનો સંયોગ છે. તેનો અવશ્ય વિયોગ થવાનો છે કે જેને મરણ કહેવામાં આવે છે. પછી શા માટે દેહનો સંયોગ ટકાવી રાખવા અનેક જીવોના અપરાધી બની, ઉપાયો કરવા પૂરતી કાળજી રાખવી જોઇએ? પણ હજુ પ્રભુને ઓળખતા ઘણી વાર છે. પ્રથમ તો પોતાની જોઇએ તેવી ઓળખાણ થઈ નથી તો પછી પ્રભુ કયાંથી ઓળખાય?

દર્શન મોહે કાંઇક વિવર આપ્યું હોય તો કાંઇક આછો આછો આત્મા તથા પરમાત્માનો આભાસ થાય, પણ સ્પષ્ટપણે તો ન તો આત્મા કે ન તો પરમાત્માનું સ્વરૂપ અનુભવજ્ઞાનગોચર થતું નથી. જ્યાં સુધી મોહનું બળ જોઇએ તેટલા પ્રમાણમાં ઓછું થયું ન હોય, પણ દર્શન મોહનાં દ્વાર સહેજ ઢીલા પડીને જો ઉઘડી જાય તો પછી પ્રભુદર્શનનો માર્ગ ખુલ્લો થઇ જાય. પછી જ્યારે દર્શનની ઇચ્છા થાય ત્યારે અલ્પ પ્રયાસે પણ પ્રભુદર્શન થઇ શકે છે. પ્રયાસ હોય અને શ્રદ્ધા હોય તો દર્શન મોહનો દરવાજો ઉઘડશે અને પ્રભુદર્શન પણ અવશ્ય થશે. ત્યાં સુધી હમણાં તો કંઈક અંશે મોહની શીખવણી પ્રમાણે ચાલવું પડશે. તોયે અંતરથી સમજાશે અને મનાશે કે આ બધુંયે ખોટું છે એટલે અંશે પ્રભુનાં વચનો ઉપર શ્રદ્ધા સૂચવે છે. દર્શનમોહનાં દ્વાર શિથિલ થયાં છે એટલે જ કંઇક અનાસક્તિ રહે છે તે સંપૂર્ણ અનાસક્તિ પ્રગટ થવાનું ચિહ્ન સમજાય છે. ભવસ્થિતિ પાકતાં બધુંયે વ્યવસ્થિત થઈ જાય છે. શ્રદ્ધાની કચાશમાં પણ ભવસ્થિતિની કચાશ આડી આવે છે માટે શાંતિ–સમભાવ, અનાસક્તિ અને અંતરાત્મદશાને કેળવવાનો પ્રયાસ ઉચિત જણાય છે.

## ૧૮

જ્યારે આપણે સ્વપરના ઔદયિક ભાવે સંસારવાસી જીવોને જોઇએ છીએ ત્યારે ભિન્ન ભિન્ન પ્રકૃતિવાળા જીવો જણાય છે, પણ જ્યારે ઔપશમિકભાવે જોઇએ છીએ ત્યારે પ્રકૃતિભેદ જણાતો નથી. આત્મા માત્ર એક જ પ્રકૃતિભાવવાલા જણાય છે અને તે જ તાત્ત્વિક છે. જીવ તથા આત્મામાં અંતર પણ એટલું જ છે. જીવો ભિન્ન ભિન્ન અનેક પ્રકૃતિવાળા છે ત્યારે આત્મા એક જ પ્રકૃતિવાળા હોવાથી અભેદ સ્વરૂપે ઓળખાય છે. દ્રવ્ય પ્રાણો ધારણ કરવાથી જીવ કહેવાય છે અને તે દ્રવ્ય પ્રાણ ભિન્ન પ્રકૃતિના ઉત્પાદક છે, કારણ કે તે જડ પુદ્‌ગલસ્વરૂપ છે, અને તે વિકૃત સ્વરૂપ હોવાથી તેની વિકૃતિઓ તે જ જીવોની પ્રકૃતિરૂપે ઓળખાય છે. અર્થાત્ દશ પ્રાણોના સમુદાયને રૂપી કહેવામાં આવે છે. આ શરીરનું બીજ કર્મ છે અને તે કર્મ મૂળ તથા ઉત્તર પ્રકૃતિને આશ્રયીને અનેક પ્રકૃતિવાળું ઓળખાવ્યું છે. તે પ્રકૃતિઓના ભેદથી અનેક ભેદવાળું કહેવાય છે. આ બધીયે પ્રકૃતિઓનો અનુભવ શરીર વગર હોઇ શકતો નથી, માટે જ્યાં સુધી પ્રકૃતિઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે ત્યાં સુધી શરીર પણ રહેવાનું જ. સર્વ પ્રકૃતિઓનો ક્ષય થયા પછી જ્યારે જીવ અશરીરી થાય છે ત્યારે તેને આત્મા કહેવામાં આવે છે. આવા આત્માની પ્રકૃતિ તે જ તેનો સ્વભાવ ગુણ કહેવાય છે. અશરીરી આત્માઓ સરખી રીતે જ્ઞાન સ્વભાવવાળા હોવાથી જીવોની પ્રકૃતિની જેમ ભેદવાળા હોતા નથી. આત્માની પ્રકૃતિ જીવ અવસ્થામાં નષ્ટ થતી નથી, કારણ કે તે પ્રકૃતિ જ્ઞાનસ્વરૂપ હોવાથી આત્માથી અભિન્ન છે. જો જ્ઞાન પ્રકૃતિનો નાશ થાય તો આત્માનો પણ નાશ થઇ જાય. પછી આત્માની જીવ જેવી અવસ્થા જ ન રહે. કર્મના સંયોગથી આત્માની પ્રકૃતિ ઢંકાઈ જાય છે. પણ નષ્ટ થતી નથી. તેમજ તેમાં કોઇ પણ પ્રકારની વિકૃતિ થતી નથી. પણ પુદ્દગલ સ્વરૂપ કર્મમાં અનેક પ્રકારની વિકૃતિઓ થાય છે. તેનો અધિષ્ઠાતા આત્મા હોવાથી તેની કહેવાય છે અને તેથી તે સંસારી જીવ તરીકે ઓળખાય છે. કર્મની જેટલી વિકૃતિઓ છે તેટલી જ જીવની પ્રકૃતિઓ. આવી વિકૃતિ સ્વરૂપ પ્રકૃતિઓ નાશવાળી હોય છે. તેનો સર્વનાશ થવાથી જીવ શુદ્ધ થાય છે, જેથી તેને મુક્તાત્મા કહેવામાં આવે છે. આત્માને આત્મદર્શનમાં આડી આવનાર પ્રકૃતિને શાસ્ત્રવાળાઓ દર્શનમોહ તરીકે ઓળખાવે છે. તે પ્રકૃતિ જ્યારે નષ્ટ થાય છે, ત્યારે જીવને આત્મદર્શન થવાથી એવી શ્રદ્ધાવાળો થાય છે કે હું આત્મા છું પણ જીવ નથી. જ્યારે જીવ પોતાને આત્મા તરીકે ઓળખતો થાય છે ત્યારે તે સંસારને પણ સાચી રીતે ઓળખે છે અને સાચી રીતે જાણે છે કે કષાય વિષય આત્માની પ્રકૃતિ નથી પણ વિકૃતિ છે. અને તે વિકૃતિને લઈને જીવ સ્વરૂપે ઓળખાતો આત્મા પોતાની પ્રકૃતિનો વિકાશ સાધી શકતો નથી. રાગદ્વેષ મારી પ્રકૃતિ નથી પણ કર્મની વિકૃતિ છે અને તેની સાથે મારે તાત્ત્વિક સંબંધ જ નથી, કારણ કે તે રાગદ્વેષ પૌદ્દગલિક વસ્તુઓના સંસર્ગથી પુદ્દગલસ્વરૂપ કર્મમાં થવાવાળી વિકૃતિ છે, માટે તે રૂપી છે અને હું તો અરૂપી છું. વિકૃતિ માત્ર રૂપી પુદ્દગલોનું જ પરિણામ છે. અરૂપી વસ્તુઓમાં વિકૃતિ છે જ નહિ. અને જે અરૂપીમાં વિકૃતિ કહેવાય છે તે ઔપચારિક હોવાથી તાત્ત્વિક નથી. આત્મદર્શન થયા પછી આત્મા સમ્યગ્જ્ઞાની થાય છે, જેથી કરીને તે પોતાની પ્રકૃતિનો સંપૂર્ણ વિકાસ સાધી શકે છે, માટે પ્રથમ આત્મદર્શન મેળવવા પ્રયાસ કરવાની જરૂરત છે. જીવદશામાં જ્યાં સુધી વિકૃતિ સ્વરૂપ પ્રકૃતિને પોતાની પ્રકૃતિ તરીકે માનીને માન-મોટાઇ મેળવવા ધર્મના પ્રચારના બ્હાને બાહ્ય આડંબર કરનારા તથા અમે સાચા અને બીજા જૂઠા એમ કહેનારા, અમે કહીએ છીએ તે જ વીતરાગનો માર્ગ છે, અને તે માર્ગમાં ચાલનારને જ મુક્તિ છે પણ બીજામાં મુક્તિ નથી એમ કહેનારા, અને નિશ્ચયને આગળ ધરીને પૌદ્દગલિક આસક્તિભાવને પોષનારા જો એમ કહેતા હોય કે અમને આત્મદર્શન થયું છે તો તે વીતરાગના માર્ગથી દૂર અવળે રસ્તે ચાલી રહ્યા છે. અને તે આત્મવિકાશના અધિકારી નથી, અને તેથી તે સ્વપરના અકલ્યાણ કરનારા હોય છે માટે આવા જીવોથી અનેકનું અશ્રેય થાય છે અને તેથી આત્મહિતૈષિઓ એવા વચનો ઉપર શ્રદ્ધા રાખતા નથી અને તેમની ઉપેક્ષા જ કરે છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અપરનામક જૈન ગ્રન્થકારો.

( લેખક:—પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયા એમ. એ. )

કોઇ પણ વ્યકિત કે વસ્તુની ઓળખાણ કરનાર કરાવનારને તેના નામની જરૂરિયાત રહે છે. આમ હોવાથી પરાપૂર્વથી વ્યકિતઓનાં નામો યોજાતાં આવ્યાં છે. એમાં પણ કારણવશાત્ અપર નામને–નામાંતરને સ્થાન મળતું રહ્યું છે. આજે પણ કેટલાકનાં એક કરતાં વધારે નામ અને કેટલીક વાર ઉપનામ પણ જોવાય છે. આ લેખ તો જૈન ગ્રન્થકારો અને તે પણ પ્રાચીન ગ્રન્થકારો પૂરતો મર્યાદિત છે.

જૈન મુનિવરો પૈકી કેટલાકને અંગે એ વાત જણાય છે કે એમનું 'સૂરિ' થયા પૂર્વેનું નામ સૂરિ થતાં બદલાયું છે. આમ પૂર્વ અવસ્થામાં એક નામ અને ઉત્તર અવસ્થામાં બીજું નામ પડયું હોય એવા ગ્રન્થકારો વિષે એક સંપૂર્ણ નોંધ થવી ઘટે, પણ એ કાર્ય તો અત્યારે મારાથી બને તેમ નથી એટલે હું દિશાસૂચનરૂપે આ લઘુ લેખ લખું છું.

જે મુનિવરના નામના અંતમાં 'વિજય' શબ્દ હોય તે સૂરિ બનતાં 'વિજય' પદ એમના નામની આગળ મૂકવાની પ્રથા કેટલોક વખત થયા અનુસરાતી જોવાય છે. આને લઇને ઉપસ્થિત થતાં નામાંતરો વિષે આટલું જ સૂચન બસ છે, કેમકે આ લેખ તો નામમાં થતા વિશેષ પરિવર્તનની નોંધ લેવા લખાય છે.

## (૧) કુલચન્દ્રગણિ–જિનચન્દ્રગણિ–દેવગુપ્તસૂરિ.

ઊકેશ ગચ્છના કક્કસૂરિના શિષ્ય દેવગુપ્તસૂરિ છે. એમના ગણિ–અવસ્થામાં કુલચન્દ્ર અને જિનચન્દ્ર એમ બે નામો હતાં. એમણે વિ. સં. ૧૦૭૩ માં **નવપયપયરણ** ઉપર **શ્રાવકાનંદકારિણી** નામની સ્વોપજ્ઞ લઘુવૃત્તિ રચી છે.

ઉપર્યુક્ત જિનચન્દ્રગણિએ **નવતત્તપયરણ** ૧૫ ગાથામાં રચ્યું છે. એના ઉપર ઉપાધ્યાય યશોદેવે સંસ્કૃતમાં વિવરણ રચ્યું છે. આ વિવરણ (પત્ર ૭૧ આ) માં એમણે કહ્યું છે કે 'ભગવતી' અંગના ઉપધાન ૭ મહિના વહન કરીને 'ગણિ' બનનારનું પૂર્વ અવસ્થાનું નામ જિનચન્દ્ર છે, જ્યારે ઉત્તર અવસ્થામાં એમનું નામ દેવગુપ્ત આચાર્ય છે.

## (૨) ધનેશ્વર–જિનભદ્રસૂરિ.

જિનેશ્વરસૂરિના શિષ્ય અને 'નવાંગવૃત્તિકાર' અભયદેવસૂરિના ગુરૂભાઇ ધનેશ્વરે વિ. સં. ૧૦૯૫ માં ચડ્ડાવલ્લિ( ચન્દ્રાવતી )માં **સુરસુંદરી** કહા રચી છે.

## (૩) સાધારણ–સિદ્ધસેનસૂરિ.

હરિભદ્રસૂરિકૃત **સમરાઇચ્ચચરિયના** ઉદ્ધારરૂપે ૧૧ સંધિમાં 'અપભ્રંશ' માં **વિલાસવઇકહા** આ કવિએ વિ. સં. ૧૧૨૩ માં રચી છે. એમણે અનેક સ્તુતિ–સ્તોત્રો રચ્યાં છે. આ કવિ સિદ્ધસેનસૂરિ તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે.

## (૪) દેવેન્દ્રગણિ–નેમિચન્દ્રસૂરિ ( સૈદ્ધાંતિક–શિરોમણિ ).

આમ્રદેવ ઉપાધ્યાયના શિષ્ય દેવેન્દ્રગણિસૂરિ થતાં 'નેમિચન્દ્ર' તરીકે પ્રસિદ્ધ થયા. એમણે **ઉત્તરજ્ઝયણ** ઉપર વિ. સં. ૧૧૨૯માં સંસ્કૃતમાં સુખબોધા નામની વૃત્તિ રચી છે. વિ. સં. ૧૧૪૧માં એમણે **મહાવીરચરિય** રચ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### ( ૫ ) ગુણચન્દ્ર–દેવભદ્રસૂરિ.

**વીરજિણચરિય** ગુણચન્દ્રે વિ. સં. ૧૧૪૧ માં રચ્યું છે. એમણે જ 'દેવભદ્રસૂરિ' એ નામથી ઉત્તર અવસ્થામાં **કહારયણકોસ** વિ. સં. ૧૧૫૮ માં રચ્યો છે. વિ. સં. ૧૧૬૫ માં એમણે **પાસનાહચરિય**ની રચના કરી છે.

### ( ૬ ) સોમચન્દ્ર–હેમચન્દ્રસૂરિ (કલિકાલસર્વજ્ઞ).

ચચ્ચ અને ચાહિણીના પુત્ર ચંગદેવે દીક્ષા લીધી ત્યારે એમનું નામ સોમચન્દ્ર પડાયું. એઓ વિ. સં. ૧૧૬૨ માં સૂરિ બનતાં એમનું નામ હેમચન્દ્ર રખાયું.

### ( ૭ ) ધનદેવ–યશોદેવસૂરિ.

**નવપયપયરણ** ઉપર વિ. સં. ૧૧૬૫ માં બૃહદ્‌વૃત્તિ રચનાર યશોદેવસૂરિનું નામ ઉપાધ્યાયપદ મળ્યું ન હતું ત્યાં સુધી ધનદેવ હતું.

### ( ૮ ) સોમચન્દ્ર–જિનદત્તસૂરિ.

દેવભદ્રાચાર્યે વિ. સં. ૧૧૬૯ માં સોમચન્દ્ર ગણિને આચાર્યપદ પર નિયુક્ત કર્યા. એ સમયે એમનું નામ જિનદત્તસૂરિ રખાયું.

### ( ૯ ) પાર્શ્વદેવગણિ–શ્રીચન્દ્રસૂરિ.

'ચન્દ્ર' કુળના શીલભદ્રસૂરિના પટ્ટધર ધનેશ્વરસૂરિના પાર્શ્વદેવગણિ શિષ્ય થાય છે. એઓ સૂરિ થતાં એમનું નામ શ્રી ચન્દ્રસૂરિ રખાયું. એમણે વિ. સં. ૧૧૬૯માં **ન્યાયપ્રવેશવૃત્તિપંજિકા** રચી છે. એમની કૃતિઓ વગેરેની નોંધ **જૈન–સ્તોત્ર સન્દોહ**-(ભા. ૧ )ની પ્રસ્તાવના ( પૃ. ૩૧–૩૨) માં છે.

### ( ૧૦ ) ધર્મકીર્તિ–ધર્મઘોષસૂરિ.

દેવેન્દ્રસૂરિના શિષ્ય ધર્મકીર્તિ વિ. સં. ૧૩૨૦ માં ઉપાધ્યાય અને ૧૩૨૮ માં સૂરિ થયા. તેઓ વિ. સં. ૧૩૫૭માં સ્વર્ગે સંચર્યા. દીક્ષાસમયે એમનું નામ ધર્મકીર્તિ હતું, પણ સૂરિ થતાં એઓ ધર્મઘોષસૂરિ તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

### ( ૧૧ ) વિદ્યાતિલક–સોમતિલકસૂરિ.

સંઘતિલકસૂરિના શિષ્ય સોમતિલકસૂરિએ જયકીર્તિકૃત **સીલોવએસમાલા** ઉપર સંસ્કૃતમાં વિ. સં. ૧૩૯૪માં **શીલતરંગિણી** નામની વૃત્તિ રચી છે. એઓ સૂરિ થયા તે પૂર્વે એમનું નામ વિદ્યાતિલક હતું.

### (૧૨) સોમપ્રભ–જિનોદયસૂરિ.

પાલનપુરમાં રૂદ્રપાલ અને ધારલદેવીના પુત્ર તરીકે જન્મેલા અને જિનકુશલસૂરિ પાસે સાત વર્ષની ઉમ્મરે વિ. સં. ૧૩૮૨માં દીક્ષા લેનારા સોમપ્રભ જ્યારે વિ. સં. ૧૪૧૫ માં આચાર્ય બન્યા ત્યારે એમનું નામ જિનોદયસૂરિ રખાયું. એઓ વિ. સં. ૧૪૩૨ માં કાલધર્મ પામ્યા. એમને મેરુનન્દન નામે શિષ્ય હતા.

### ( ૧૩ ) મોહનનન્દન–મુનિસુંદરસૂરિ.

'સહસ્રાવધાની' મુનિસુન્દરસૂરિએ દીક્ષા લીધી ત્યારે એમનું નામ 'મોહનનન્દન' રખાયું હશે. અને આ નામ એઓ વિ. સં. ૧૪૭૮ માં સૂરિ થયા ત્યાં સુધી ચાલુ રહ્યું હશે.

### ( ૧૪ ) ધર્મસુન્દરસૂરિ–સિદ્ધસૂરિ.

**શ્રીપાલનાટક** ગત "રસત્રતીવર્ણન" વિ. સં. ૧૫૩૧ માં એમણે તૈયાર કર્યું હતું.

### ( ૧૫ ) નયવિમલ–જ્ઞાનવિમલસૂરિ.

વિ. સં. ૧૭૩૮ માં ગુજરાતીમાં રચાયેલા **શ્રીપાલ-રાસ** ઉપરથી આ જ્ઞાનવિમલસૂરિએ સંસ્કૃતમાં **શ્રીપાલચરિત્ર** રચ્યું છે. એમણે વિ. સં. ૧૭૧૦ થી ૧૭૪૭ ના ગાળામાં **પણ્હાવાગરણ** પર ટીકા રચી છે.

આમ અહીં મેં પંદર શ્વેતાંબર ગ્રન્થકારોના નામાંતરની નોંધ લીધી છે. એમાં શ્વેતાંબર તેમજ દિગંબરનાં જે નામ ઉમેરાવા ઘટે તે જો ઉમેરાય તો ગ્રન્થકારોનો પરિચય આપવાનું કાર્ય સુગમ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચારુશીલા રમણીરત્નો

લેખક–શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસી

## ગજ ચઢયા કેવલ ન હોય—

'સંયમ પંથ અતિ આકરો, વ્રત છે ખાંડાની ધાર' ખરેખર અનુભવસિદ્ધ વચન. ત્રસની વિરાધનાથી તો સાવચેત રહી શકાય, પણ પંચ મહાભૂતો તો ખરેખર ભૂતો જ છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના જીવો પ્રતિ પણ દયા દાખવવી. એના જીવોને હાનિ ન પહોંચે તેમ વર્તવું એમાં જ ખાસ ઉપયોગની જરૂર તેથી જ મુનિજીવનને તલવારની ધાર પર ચાલવા જેની ઉપમા અપાયેલી છે.

ત્યાં તો આહાર સહિત પ્રવેશતાં સુંદરી સાધ્વીએ પ્રશ્ન કર્યો. 'પ્રવર્તની મહારાજ! તમો તો 'દયા અને કરુણાના રાત દિ' વિચાર કરો છો જ્યારે જગતમાં જુદું જ ચાલી રહ્યું છે! આપણા જ વડિલ ભ્રાતાઓ સંગ્રામની નોબતો વગાડી રહ્યા છે! જોતજોતામાં ભયંકર હુતાશની સળગી ઉઠવાની છે!'

એ વળી શું કૌતુક છે? સુંદરી! તું આજે શું નવું સાંભળી લાવી? મને વિગતવાર કહી સંભળાવશે ત્યારે જ એનો બરાબર ખ્યાલ આવશે.

બ્રાહ્મીએ પ્રથમ દીક્ષા લીધી હતી. તે પ્રવર્તની પદે હતા. પૂર્વે જોયું તેમ ભગવંત ઋષભદેવ પધારતાં જ ભરતચક્રીએ સુંદરીનો દીક્ષા મહોત્સવ મોટી ધામધુમથી કર્યો. થોડા સમય પછી ભગવંત સપરિવાર અયોધ્યામાંથી સીધાવી ગયા. સાધ્વીવૃંદ પણ વિહારમાં નીકળી ગયું. 'વહેતા પાણી નિર્મળા' એ જનવાયકા મુજબ સાધુ વિહરતા ભલા એ ટંકશાળી વચન છે. ભગવંતની એ આજ્ઞા પાછળ ઘણું રહસ્ય છુપાયું છે. એક તો રાગબંધન એથી થવા ન પામે અને જૂદા જૂદા પ્રદેશને સંતવાણીનો લાભ મળે. પરિષહ સેવનની ટેવ પડવાથી જીવન અપ્રમાદી બને અને જૂદા જૂદા દેશના હવા–પાણીથી શરીરની તંદુરસ્તી જળવાય. આ દેખીતા ફાયદા; બાકી નિર્લેપ દશા કેળવવા સારુ વિહાર એ ખાસ આવશ્યક વસ્તુ છે. તેથી જ તીર્થંકર ભગવાને ગામમાં એક રાત અને શહેરમાં ત્રણ કે પાંચ રાત જેવા નિયમ દર્શાવ્યા છે અને ખુદ પોતે અમલમાં ઉતારી દેખાડયા પણ છે.

બ્રાહ્મી અને સુંદરી યાને સાધ્વીયુગલ

---

ભૂલોથી મુક્ત બને. આશા છે કે આ કાર્ય વિશેષજ્ઞો હાથ ધરશે.

### ટિપ્પણી.

૧ શ્રીપ્રવચનપરીક્ષાની અદ્વિતીય મહત્તા (પૃ. ૧૦) માં નીચે મુજબ ઉલ્લેખ છે:–

"અત્યારે વર્તતા 'વિજય' શાખામાં આદ્યમાં આદ્ય 'વિજય' નામને ધરનારા આ. શ્રી વિજયદાનસૂરિજી છે. ત્યાર પછી જ દરેક પાટે આવનાર આચાર્ય અને તે સમુદાયના સાધુઓ 'વિજય' શાખાથી અંકિત થાય છે. મારવાડના વરકાણાજી પાસેના વીજુઆ–વિજાપુર–વિજયપુર ગામને અંગે શાખાનું નામ વિજયાંકિત કરવામાં આવ્યું એવી કિંવદન્તી સંભળાય છે."

૨ જુઓ ઉપદેશરત્નાકરની મારી "ભૂમિકા" (પૃ. ૫૯–૬૦)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વચ્ચે જે વાર્તાલાપ ચાલે છે એ વેળા પ્રથમ તીર્થપતિ અયોધ્યાના પ્રદેશથી દૂર દૂર વિચરી રહ્યા હતા. તેઓશ્રીના પછી ગામ-નગરમાં વિચરતો સાધ્વીગણ, નારી સમુદાયમાં ભગવંત ભાષિત ઉપદેશનો પ્રચાર કરતો. જયણાપૂર્વકની કરણીનું સ્વરૂપ સમજાવતો અને સંસાર-વ્યવહારમાં સદૈવ રત રહેનાર સ્ત્રીસમૂહને જ્ઞાન સંપાદન કરવા સારુ પ્રેરણા પાતો ધીમે ધીમે સ્વઆચારના પાલનપૂર્વક વિહરતો હતો. આ શ્રમણીઓએ ભગવંત યુગાદિની એક વાત ખાસ હૃદયમાં કોતરી રાખી હતી અને તે એ જ કે-' નારી એ અબળા નથી પણ શક્તિ છે. પુરુષ પ્રધાનત્વ પ્રશંસનીય છે છતાં એનો ઉદ્ગમ સ્ત્રીના અંકમાંથી હોય છે. શરૂઆતનું સિંચનસ્થાન એ જ છે તેથી તો સ્ત્રીજાતિ મોસાલ, પિયર અને સાસરારૂપ ત્રણ સ્થાનની શોભારૂપ ગણાય છે. પોતાની આવડત સન્માર્ગે ખરચે તો એ ત્રણેને શોભાવે અને એનો દુર્વ્યય કરે તો એની કરણીથી એ ત્રણે નિંદાય. પર્ષદાની વાણી કરતાં કેટલાક પ્રસંગોમાં સાધ્વીઓની પ્રેમલ અને વાર્તાલાપરૂપ સામાન્ય વાણી લલનાઓના અંતરમાં સોંસરી પ્રવેશી જાય છે; અને ગૃહિણીઓના શ્રદ્ધા-દીપક જળકતાં સારો સમાજ રોશનીથી દીપી ઉઠે છે. આજે ગોચરી અર્થે સુંદરી સાધ્વી જનવસતીમાં ગયેલા. ત્યાં જન મુખે એક જ વાત રમતી સાંભળી-ભગવંત ઋષભદેવે અહિંસા ધર્મનો ધ્વજ સ્થાપન કર્યો. આશ્ચર્યની વાત તો એ છે કે તેમના સંતાનોના હાથે જ એનું નિકંદન નિકળવાની ખંજરી બજી રહી છે. સુંદરીએ આ સંબંધી જે વિગત મેળવી અને પ્રવેશ કરતા જે વાત ઉચ્ચારી તે કડીબંધ બ્રાહ્મી પ્રવર્તનીના આદેશથી તેમના જ શબ્દોમાં કહેવાતી સાંભળીએ.

મહારાજ! ભરતરાજ છ ખંડ સાધીને આવ્યા છતાં તેમનું ચક્રરત્ન આયુધશાલામાં પ્રવેશ ન પામવાથી એના અધિષ્ઠાયકદેવનું આરાધન કરવામાં આવતાં જાણવામાં આવ્યું કે-જ્યાં લગી તમારા નવાણુ ભાઇઓ તમારી આણ સ્વીકારે નહીં ત્યાં લગી તમો પૂર્ણ સ્વરૂપમાં ચક્રવર્તી ન ગણાઓ. ચક્રરત્નનો પ્રવેશ એટલા કાળ પર્યંત થંભી જવાનો. પછી તો ભરતરાજે પોતાના દૂતોને જૂદા જૂદા પ્રદેશના માલિક એવા ભાઇઓ પ્રતિ દોડાવ્યા. એ સંદેશો પ્રાપ્ત થતાં જ એ દરેકને આશ્ચર્ય થયું. પિતાશ્રી દ્વારા પ્રાપ્ત થયેલ રાજ્ય એ તો હક્કનો પ્રશ્ન રહ્યો. એમાં વડિલ એવા ભરતરાજની આણાનો સવાલ ઉપસ્થિત થવો જ ન જોઇએ. બાકી જ્યેષ્ઠ ભ્રાતા તરીકે તો આજે પણ એમનું સન્માન સાચવવાનો ધર્મ બજાવીએ છીએ અને બજાવવાના છીએ. પણ આ વાતથી દૂતને સંતોષ કેમ થાય? તેઓએ તો સ્પષ્ટ સંભળાવી દીધું કે-' કયાં તો ચક્રવર્તીની આજ્ઞા સ્વીકારો, નહિં તો યુદ્ધ માટે તૈયાર થાવ.' વ્યાઘ્ર-તટી જેવી સ્થિતિમાં આવી પડવાથી એ અઠ્ઠાણું બંધવો મધ્યસ્થાને એકત્ર થયા. વિચાર કરતાં કંઈ માર્ગ ન જણાવાથી સૌ ભગવંત ઋષભદેવ સમિપ જઇ, તેઓશ્રીની સલાહ મુજબ વર્તવાના નિશ્ચય ઉપર આવ્યા. અને આજકાલમાં તેઓ સર્વ એકઠા થઇ ભગવંત પાસે પહોંચી પણ જશે.

અઠ્ઠાણુ કરતાં નવાણુમાની અર્થાત્ તક્ષશિલાના માલિક મારા સહોદર બાહુબલિની વાત તો જુદા પ્રકારની સાંભળી. અમાપ બળના ધણીએ ચક્રીના દૂતને રોકડું પરખાવી દીધું કે એ રીતે આણ માનવાનું હરગીજ બનનાર નથી. બાપે દીધેલા વારસામાં ભરતનું શું લાગે વળગે? છ ખંડ ધરતીનો સ્વામી થયો છતાં ધરાયો નહીં તે મારા તરફ નજર નાંખી? આ કંઇ પોપાબાઇનું રાજ્ય નથી. મારા ડા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આકરા સાબિત છે. લડવા માટે તૈયાર થવાની વાતથી ગભરાઈ જાય એ બીજા; આ બાહુબળ નહીં જ. તક્ષશિલાનો પ્રદેશ એ કંઇ 'બોડી બામણીના ખેતર' જેવો નથી કે ઝટ હાથમાં આવી જાય. અહીં તો તસુએ તસુ જમીન માટે ખાંડાના ખેલ ખેલવા પડશે. હજારોના રક્તથી ધરતી ભીની નહીં થાય ત્યાં સુધી ત્હારા ચક્રીને અહીંનો સિમાડો વટાવવો પણ ભારી પડશે. બાહુબલિના જીવતાં તો ત્હારો સ્વામી તક્ષશિલામાં પગલા પાડી શકે એવો રંચમાત્ર સંભવ નથી. અહીં તો માથા સાટે માલ ખાવાનો છે. એ ચક્રી એના ઘરમાં, અહીં એનું કંઇ ન ચાલે. અહીં તો મારી આજ્ઞા ચાલવાની. વસુંધરા તો વીરભોગ્યા કહેવાય છે. દૂત, સત્વર જા, અને ત્હારા માલિકને કહેજે કે-બાહુબલિ યુદ્ધ આપવાને તૈયાર છે. વીરત્વનો મુકાબલો શબ્દથી નહીં પણ કાર્યથી સમરભૂમિ પર જ થશે.

પ્રવર્તની મહારાજ, મારા સહોદરની પ્રકૃતિ હું સારી રીતે જાણું છું. એ પાકો લડવૈયો છે. ભરતરાજની સ્થિતિ 'સૂડી વચ્ચે સોપારી' જેવી છે. એટલે ઉભય વચ્ચે યુદ્ધ થવાનું લડાઇ એટલે સર્વનાશ. માનવતાનું લીલામ હજારો માનવો અને તિર્યંચોના કચ્ચર ઘાણ! હિંસા ડાકિનીનું તાંડવ નૃત્ય! અજાયબી તો એ કે આ સર્વના બી રોપનારા અહિંસાના આદ્યપ્રણેતાના સમજુ પુત્રો!! સુંદરી સાધ્વીની વાત સાંભળી બ્રાહ્મી ગુરૂણી, ઘડીભર તો મૌનાલંબન કરી ગયા, અને મનોપ્રદેશમાં કંઇક નિર્ણય થતા બોલ્યા.

હોણહાર મિથ્યા થતું નથી, છતાં આત્માએ સ્વશક્તિ અનુસાર વિષમ પરિસ્થિતિ પલટવાનો પ્રયાસ કરવો ઘટે. દીઠું તો જ્ઞાનીનું જ થવાનું. આપણ હવે જલ્દી વિહાર કરી તીર્થપતિ શ્રી ઋષભદેવ પાસે પહોંચવું જોઇએ એટલું જ નહીં પણ તેઓશ્રીની સલાહ અનુસાર આવી રહેલી ભયંકરતા નિવારવા કમર કસવી જોઇએ.

ભગવંત શ્રી ઋષભદેવ જ્યાં સમવસર્યા હતા એ નગરમાં પગ મૂકતાં જ સાધ્વીગણને કાને પડયું કે-ચક્રવર્તીના આદેશ સંબંધમાં સલાહ લેવા આવેલા અઠ્ઠાણુ પુત્રોએ ભગવંતની વાણી સાંભળી પ્રવ્રજ્યા અંગીકાર કરી છે. અરિહંત પ્રભુની ઉપદેશ-શક્તિ ખરેખર અદ્વિતીય હોય છે. પાંત્રીશ ગુણથી ભરપૂર દેશનાને ફળ બેઠા વિના રહેતા નથી. અપવાદનો પ્રસંગ જવલ્લે બને છે ત્યારે એ અચ્છેરા- (આશ્ચર્ય)રૂપ ગણાય છે.

પણ જે વૃત્તાન્તે થોડા કાળ પર્યંતની શાન્તિ પાથરી હતી, એની પાછળ બાહુબલિ અને ભરતરાજ વચ્ચે મેળ મળે છે કે કેમ એ પ્રશ્ન હજુયે અણઉકલ્યો હતો. પૂર્વે જોયું તેમ એ નમતું તોળે તેમ હતું જ નહીં. અઠ્ઠાણું ભત્રિજાએ વડિલ કાકાશ્રીની આજ્ઞા માથે ચઢાવી છતાં ચક્રરત્ન આયુધાગારની બહાર જ રહ્યું. યુદ્ધ નિવારવા પ્રયત્ન કરવામાં ચક્રવર્તીએ કચાશ ન રાખી પણ વિધિના રાહ નિરાળા એટલે યુદ્ધના ઢોલ ગડગડ્યા. ઉભય બંધવો પોતપોતાની વિશાલ સેના સહિત રણાંગણમાં એકઠા થયા. શસ્ત્રાસ્ત્રોની ફેંકાફેંકી એટલે સંહાર લીલા અને ઘૃણા પેદા કરે તેવી ભીષણ દશાનું ચિત્રાલેખન-મારામારી, કાપાકાપી સિવાય ત્યાં બીજું કંઇ જ ન સંભવે.

આ સમાચાર પ્રાપ્ત થતાં જ, જેમણે પોતાની સેવા આપવા નિરધાર કરી ઉગ્ર વિહાર કર્યો હતો એવું બ્રાહ્મી સુંદરીરૂપ સાધ્વીયુગલ નમતી મધ્યાન્હે પ્રભુ પાસે આવ્યું. વિનયપૂર્વક અંતરની અભિલાષા પ્રગટ કરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કૈવલ્ય જ્ઞાનરૂપી દિવ્ય દર્પણથી ચૌદ રાજલોકના ભાવ જાણનાર ભગવંત ઋષભદેવ બોલ્યા–

તમારી અભિલાષા સુંદર છે, પણ એને ફળ બેસવાનો સમય હજુ પાકયો નથી. લડનાર આત્માઓ પોતે કોના સંતાન છે એટલું વિચારે તો યુદ્ધ કરે ખરા? ધરતી કોઇની સાથે ગઇ નથી એટલો સાર ગ્રહણ કરે તો? અરે એ રાજ્યપાટ, બાગબગીચા કે રમણિય પ્રાસાદોમાં સારભૂત કંઇ ન હોવાથી એ સર્વ તજી જનારા પિતાનું ઉદાહરણ લ્યે તો? અરે! પોતાના જ અઠ્ઠાણુ ભ્રાતાઓના જીવન સામે નજર કરે તો ઘડીભર પણ પોતે જે કરી રહ્યા છે તે વાસ્તવિક નથી એમ સમજ્યા વગર રહે ખરૂં?

પણ અજ્ઞાન પડળ જેમના નેત્રો પર છવાયા હોય, કેવલ સ્વાર્થ વૃત્તિ જ જોર કરી બેઠી હોય, અને માત્ર પોતાનું પગલું જ સાચું છે એવો એકાંતવાદ ગળુ પકડી બેઠા હોય ત્યાં સત્યના દર્શન અસંભવિત છે. એ ઉભયના મનોપ્રદેશમાં કર્મરાજે સખત જાળ પાથરી દીધી છે તેથી જ કર્ત્તવ્ય–અકર્ત્તવ્યનું ભાન તેઓ ગુમાવી બેઠા છે. હજારો જીવોના પ્રાણની હોળી કરી રહ્યા છે. કર્મની લીલા વિચિત્ર છે.

સામુદાયિક કર્મના કારણે એક સાથે પ્રાણ જવાનો યોગ હોવાથી યુદ્ધભૂમિ પરના મરણો હાહાકાર મચાવે છે. તેઓ એમાં નિમિત્ત કારણરૂપ છે. સમજુ પુરુષોનો પ્રયત્ન એ સ્થિતિ નિવારવા અંગે ચાલુ હતા અને જે સમાચાર આવ્યા છે તે આનંદજનક છે. ઉભય બંધુઓએ સૈનિકોનું યુદ્ધ અટકાવી જય–પરાજયનું માપ કહાડવા પાંચ પ્રકારના દ્વંદ્વ યુદ્ધ નક્કી કર્યા છે.

ભગવંત, તો પછી અમારા હાથે આ કાર્યમાં કંઇ જ સેવા નહીં થાય? ઉપદેશના મુખ્ય અધિકારી સાધુ–સંતો રહ્યા. તેમના હાથમાં પરોપકારની તકો સંખ્યાબંધ સંભવે. સાધ્વીગણ માટે શું?

પુત્રીઓ, જે કાર્ય તમારી મીઠી વાણીના એકાદ ઈશારાથી થાય તે બીજાથી બનવા સંભવ નથી. મોક્ષ માર્ગ તો ઉભય માટે ખુલ્લો છે. ત્યાં નર–નારીના ભેદ નથી. મોટો આધાર તો આત્માના ક્ષયોપશમ પર અવલંબે છે. ખરૂં કામ તો ભાવનાની ઉત્કૃષ્ટ દશા કાઢે છે. આ અવસર્પિણી કાળમાં ઓગણીશમા તીર્થંકર મલ્લીકુમારી થનાર છે. નારીગણના ભૂષણ સમા એ બપોરે પ્રવ્રજ્યા લેશે અને સાંજે કેવલી બનશે. એમના જેટલી ઝડપ કૈવલ્યમાં બીજા પણ તીર્થંકર નથી નોંધાવતા. આ પછી ઉભય સાધ્વીઓએ આત્મશોધનમાં દિવસો વ્યતીત કરવા માંડયાં. પરમાર્થની એક પણ તક નકામી જવા ન દીધી. સ્વપરના કલ્યાણમાં સદા રકત રહેનાર એવા એ યુગલ માટે એક સોનેરી પ્રભાત ઊગી. ભગવંતનું તેડું આવ્યું.

ભરત બાહુબલિના યુદ્ધમાં બળવાન તો બાહુબલિ ગણાયા. ઉગામેલી મુઠ્ઠી જો મારી હોત તો ભરતરાજ હતા નહતા થતે પણ વડિલનો વિનય યાદ આવતાં જ બાહુબલિએ એ મુઠ્ઠીથી માથાના વાળનો લોચ કરી વાળ્યો અને સાધુ બની જંગલમાં પહોંચ્યા. વિચાર આવ્યો કે પ્રભુ સમિપ હમણા જઇશ તો લઘુ બંધવોને વંદન કરવું પડશે, એ કરતાં કેવલી થઇને જવું જ સારું. વાત નાનકડી જણાય છે. એને તો આ બલાઢયને વર્ષભર રખડાવી માર્યા. માનની એ રેખાએ કૈવલ્યની રેખા દોરી દીધી. કાયાનું કલેવર સર્જી નાખ્યા છતાં પણ કૈવલ્યની ભૂખ ન ભાંગી. સાચી સમજણ પર છવાયેલ પડદો ન ઉચકાયો!

ભગવંતે એ પડદો ઉચકવા બ્રાહ્મી–સુંદરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપ યુગલને બાહુબલિ જ્યાં અનશન કરી ધ્યાનમગ્ન ખડા હતા ત્યાં મોકલ્યું. ગુંચ ક્યાં હતી એ યુગલને કહી હતી. યુગલે મધુરી વાણીમાં સાદ પાડ્યો 'વીરા મારા ગજથકી ઉતરો, ગજ ચઢ્યા કેવલ ન હોય' ધ્યાનમગ્ન સંતના કર્ણરંધ્રમાં એ શબ્દો પહોંચતાં જ વિચારણા ભભુકી ઉઠી 'ગજ' વળી કેવો? એ પ્રથમ પ્રશ્ન. સાધ્વીઓ મૃષા ન વદે. તરત જ પડદો ચીરાયો. વયે લઘુ છતાં જ્ઞાને વડા એવા બંધવોને વંદન કરવામાં શરમ કેવી? પગ ઉઠાવતાં જ કેવલજ્ઞાન. કેવી અદ્ભુતતા! મધુરા છતાં માર્મિક શબ્દોએ સમયમાત્રમાં કામ કાઢી નાંખ્યું. અનશનમાં આ બળવાન આત્મા કેવા દેખાતા હતા એ પ્રત્યક્ષ કરવું હોય તો મ્હૈસુર પ્રાંતમાં આવેલ શ્રવણ બેલગુલમાં ટેકરી ઉપર અડગપણે ઉભેલી શ્રી ગોમતેશ્વર તરીકે ઓળખાતી દિગંબર મૂર્તિ જોવી. દર્શન કરતાં જ હૃદયમાં અદ્ભુત મંથન જાગે છે. આ પ્રતિમા હજારોના આકર્ષણરૂપ છે. અભિમાન, માન કે ગર્વને ઓળખાવવા જે મધુરો પ્રયોગ સાધ્વીયુગલે કર્યો અને જે અક્ષરો વહેતા મૂક્યા એ આજે પણ તે કાળના જેટલા જ ટંકશાળી છે અને ભવિષ્યમાં રહેવાના છે.

ચારુશીલા રમણી રત્નોમાં બ્રાહ્મી-સુંદરીરૂપ કુમારિકાયુગલ એ કારણે જ અગ્રપદે છે અને પ્રાતઃસ્મરણીય બન્યું છે.

# એક ખાસ સુધારો

ગયા અંકમાં **દેવગિરિ**ના લેખમાં પૃ. ૧૦૧ પં. ૧૦ માં આવેલા **बालदि** શબ્દના ટિપ્પણમાં મેં જણાવ્યું હતું કે **"બાલદિનો "બલદગાડી" એવો અર્થ સંભવિત છે."** આ દેશી ભાષાનો **बालदि** શબ્દ **बलद** શબ્દ ઉપરથી બન્યો હશે, એવી કલ્પનાથી બાલદિનો "બલદગાડી" અર્થ મેં જણાવ્યો હતો પરંતુ આ સંબંધમાં વઢવાણથી મારા માનનીય પરમમિત્ર મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી મ૦ જણાવે છે કે—

"તમે 'બાલદિ'નો અર્થ બળદગાડી કર્યો છે તે બરાબર નથી કારણ કે મારવાડમાં ગધેડાં અને બળદ પર પોઠ-માલ લાદી, વેચનાર વણઝારાઓને **બાલદિયા** કહે છે. એનું જ સંસ્કૃત રૂપાંતર ઉપદેશતરંગિણીમાં કર્યું છે એટલે એ લોકભાષાનો શબ્દ છે."

મારા મિત્રના આ લખાણથી એમ ફલિત થાય છે કે **बालदि** શબ્દનો અર્થ **પોઠ** ઊર્ફે **વણઝાર** છે. અને પોઠ ચલાવનાર કે જેને **ગુજરાતમાં** વણઝારા કહેવામાં આવે છે તે **બાલદિયા** છે. આથી "ગામ બહાર મીઠાથી ભરેલ બાલદિ આવ્યાની પેથડશાહને ખબર પડી" આ વાક્યનો "ગામ બહાર મીઠાથી ભરેલ પોઠ આવ્યાની પેથડશાહને ખબર પડી" એવો અર્થ કરવો. આ સૂચના બદલ મારા મિત્ર મુનિરાજનો આભાર માનું છું.

**ताजनापेठ, जैनमंदिर**
**मु. आकोला**
**सं. २००६ महाशुदि १०**

**मुनिराज श्री भुवनविजयान्तेवासी**
**मुनि जंबुविजय.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

**સાક્ષરરત્ન, સાહિત્યશિરોમણિ પૂજ્ય મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજનો જૈન સાહિત્ય યાત્રાધામ શ્રી જેસલમેર (મારવાડ) મુકામે સુખશાંતિપૂર્વક થયેલો પ્રવેશ.**

સાહિત્યશિરોમણિ શ્રી પુણ્યવિજયજી મહારાજ, પાટણ પ્રાચીન જૈન ભંડારોના ૧૯૦૦૦) સાહિત્ય પ્રતો, ગ્રંથોનું સંશોધન વગેરે કાર્યો અથાગ પરિશ્રમે કરી રહ્યા છે, છતાં પાટણ પ્રાચીન જૈન ભંડાર છે તે કરતાં નવા સાહિત્ય સંપડાવવા, અપૂર્ણતાની પૂર્ણતા કરવા જેસલમેર જૈન પ્રાચીન ભંડાર, પાટણ કરતાં વધારે પુરાતની હોવાથી, તેના કરતાં અમૂલ્ય સાહિત્યોના અનેક ગ્રંથોની હસ્તી ધરાવે છે, જે ખરેખર સત્ય છે, તેમાં શું શું નવીન પ્રાચીન, તેમજ અપૂર્વ રત્નો હજી પણ વણશોધાયેલા, વણનોંધાયેલી સ્થિતિમાં મોજુદ છે; તે જો કે ગમે તે કારણે ત્યાંના શ્રી સંઘના જૈન બંધુઓ જાળવી રહેલ છતાં પૂર્ણ તપાસ કરવા વ્યવસ્થિત કરવા તસ્દી લેતા નહિં, અન્ય ખોજકોની તપાસ કરવા રજા માગવાની અભિલાષા છતાં ત્યાંના શ્રી સંઘ કોઇ કારણે તેમ કરવા રજા આપતા નથી, પરંતુ સાહિત્યરત્ન મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજની વિદ્વત્તા, પ્રમાણિકપણું, સાક્ષરતા અને અપૂર્વ જ્ઞાનભક્તિ જગજાહેર હોવાથી જેસલમેર શ્રી સંઘે આવા મહાન પુરુષ પરમ ઉપકારી પુણ્યવિજયજી મહારાજને કૃપા કરી નિરીક્ષણ કરવા આપવાનું નક્કી થતાં, અમદાવાદથી વિદાય થયા બાદ અઢી ત્રણ મહિના દરરોજના ચોદ, સોળ અને અઢાર માઇલનો (તબીયત પણ જોઇએ તેવી ન છતાં, અવસ્થા પણ ગણાય તેવા સંયોગો વચ્ચે) વચ્ચે તીર્થયાત્રાઓ કરતાં, જૈનસમાજ ઉપર ઉપકાર કરતાં કરતાં માહ શુદ ૧૨ સોમવારના રોજ જેસલમેરમાં સુખશાંતિપૂર્વક સાંઝે ચાર વાગે પ્રવેશ કર્યો છે. ધન્ય છે મુનિરાજ આપની જ્ઞાનભક્તિને! સારા શુકન જેવું ગણાતું અને ઉત્તમ ત્રિધિયોગે તે સ્થળે તે જ વખતે સાથેના સાધનો સાથે જરૂરીયાતવાળા સંસારીયો, સર્વ સામગ્રીઓ સહિત પણ આવી પહોંચવાથી આ અણધાર્યો પ્રસંગ આનંદવાળો સંભારણુંરૂપ થયેલ છે. હાલ દશ માઇલ ઉપર પ્રાચીન લોદ્રવા તીર્થની યાત્રા અને મેળો છે ત્યાં છેલ્લે દિવસે પહોંચશે, પછી સતત્ કરેલા વિહારને અંગે પરિશ્રમ ઉતરતાં જેસલમેર જ્ઞાનભંડારોનું નિરિક્ષણકાર્ય શરૂ થશે.

જેસલમેર શ્રી સંઘને વિનંતિ કરીયે છીયે કે આપ પૂજ્ય મુનિરાજ પુણ્યવિજયજી મહારાજની તબીયત સાચવવા સાથે સઘળા ભંડાર જોવા દેવા કૃપા કરશો. **(સભા).**

**(વિશેષ હકીકત હવે પછી)**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આપણી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું ૧૭ મું અધિવેશન

## ફાલના—( મારવાડ )

કોઇ પણ સમાજ, દર્શન, સંસ્થા અમુક વખત ચાલી નિષ્પ્રાણ થતાં તેને સજીવન કરવી હોય અથવા પ્રાણ પૂરવા હોય ત્યારે તે સમયે તેને ભવ્ય સિદ્ધિ પ્રાપ્ત થાય ( શાસ્ત્રકથન પ્રમાણે પાંચ શુભ નિમિત્તો-કારણો સાંપડે ) ત્યારે જ તે બની શકે છે ( એકલો પુરુષાર્થ કામનો નથી ) અને તેવા નિમિત્તો આપણામાં કાળની પરિપકવતા સાથે ત્યાગી મહાત્મા, પુણ્યપ્રભાવક પુરુષો, પુરુષાર્થી નરરત્નોના સંચાલન વડે જ બને છે. આ કોન્ફરન્સ માટે ભાવિ શુભસૂચક દેખાય છે. પરમાત્માની અમે પ્રાર્થના કરીએ છીએ કે ભાવિ કાળમાં આપણા જૈન ધર્મના ત્યાગી, વિદ્વાન, બ્રહ્મચારી, તપસ્વી, શિક્ષણદ્વારા શ્રાવકક્ષેત્રની ઉન્નતિ કરવા મહાન પ્રયત્ન સેવી ઉપકારક બનેલ જ્યોતિર્ધર મહાનવિભૂતિ **આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની** શુભ પ્રેરણા અને હૃદયપૂર્વકના આશીર્વાદવડે **શેઠ કસ્તુરભાઇ લાલભાઇના** ઉદ્ઘાટનપૂર્વકની વિધિવડે, રાવબહાદુર શેઠશ્રી **કાન્તિલાલ ઇશ્વરલાલના** પ્રમુખપણાવડે આ કોન્ફરન્સને આ શુભ નિમિત્તો પ્રાપ્ત થવાથી ભાવિમાં ફલદાયી-પ્રેરણાદાયક નિવડશે એમ આગાહી સૂચવે છે. સૌ વિચારક, શ્રીમંતો, સેવાભાવીઓ અનેક ત્યાગી મહાત્માઓના આશીર્વાદ સાથે કોન્ફરન્સ સચેતનવંત થઇ જૈન ધર્મનો ઉત્કર્ષ થવા અને સેવા કરવા આ કોન્ફરન્સ આશીર્વાદરૂપ નિવડો.



**આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ.**

( આ અધિવેશનનો પૂર્ણ હેવાલ, પ્રમુખો વગેરેના ભાષણો અને ઠરાવોની વિસ્તૃતનોંધ અનેક પેપરમાં આવી ગયેલ છે જેથી સંક્ષિપ્તમાં માત્ર દિગ્દર્શન કરાવીએ છીએ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ અધિવેશનમાં હજારોની સંખ્યા જૈન બ્હેનો બંધુઓની હતી અને નિર્વિઘ્ને તેની સમાપ્તિ થઇ છે એ પણ એક આનંદનો વિષય છે.

આ અધિવેશનમાં કોન્ફરન્સ પ્રમુખ રાવસાહેબ **કાન્તિલાલ ઇશ્વરલાલ** અને જૈન નરરત્ન શેઠ **કસ્તુરભાઇ લાલભાઇનું** ત્યાં આવતાં સ્વાગત હાથીની સ્વારી, બેન્ડ વગેરેવડે પૂર્ણ ઠાઠમાઠથી કરવામાં આવ્યું હતું.

અધિવેશનના વિશાળ સુંદર મંડપને જૈનોના પરમ ઉપકારી મહાન વિભૂતિ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીની યાદગીરી નિમિત્તે **"વલ્લભનગર"** નામ આપવામાં આવ્યું હતું. તેને પાંચ પ્રવેશદ્વાર બનાવ્યા હતા જેના **આત્મ, કાંતિ, વલ્લભ, લલિત** અને **ગુલાબ** ગેટ નામ આપવામાં આવ્યા હતા અને ગુલાબી રંગથી સ્થાન, અનુષ્ઠાન, પોષાક, પડદા વગેરેથી ગુલાબી નગર શોભતું હતું. પરંતુ ખેદ અને ખામી એટલી જ જોવાતી હતી કે પૂજ્ય આચાર્યશ્રી લલિતસૂરિજી મહારાજ કે જે સહાય ને પ્રેરક હતા, તેઓનો છ દિવસ પહેલાં સ્વર્ગવાસ થયો હતો. એ ખામી જરૂર દેખાતી હતી, પરંતુ ભાવિભાવ બળવાન છે, જેથી ઉપરોક્ત જણાવેલ શુભ નિમિત્તો સાંપડ્યા છે તે ખુશી થવા જેવું છે.

સં. ૧૯૫૮ ની સાલમાં કોન્ફરન્સનું અધિવેશન ગુલાબચંદજી ઢઢ્ઢાના પ્રયત્નવડે શ્રી ફલોધી પાર્શ્વનાથ ભગવાનની તીર્થછાયા નીચે મળ્યું, જે મારવાડની ભૂમિ હતી. આજે કોન્ફરન્સને સચેતન કરવાના સમયે તે જ મારવાડ ભૂમિમાં જ્યાં પાર્શ્વનાથ ભગવાન અંકિત વિદ્યાલય છે તે ફાલના–મારવાડમાં મળેલ છે. ભાવિભાવ ઉચ્ચ બળવાન ગ્રહોમાં હશે તો ભાવિમાં કોન્ફરન્સ પ્રગતિશીલ થશે તો તે મરુભૂમિ માન ખાટી જશે.

પ્રથમ પરમાત્માના સ્મરણપૂર્વક શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના આશીર્વાદ સાથે બેઠક શરૂ થાય છે.

કોન્ફરન્સની બેઠકની શરૂઆતમાં પ્રથમ શેઠ સાહેબ કસ્તુરભાઇ શેઠે ઉદ્દઘાટન કરતાં કરેલું સૂચન બહુ મહત્વનું, દિશામાર્ગસૂચક અનુભવવાળું હતું. તેઓ સાહેબ કોન્ફરન્સ અત્યાર સુધી નિષ્ક્રિય બની છે તેમ સત્ય જણાવતાં તેના કારણો અને સક્રિય કેમ થાય તેના ઉપાયોમાં જણાવ્યું કે તેમની પાસે કોઇ સંગીન કાર્ય હતું નહિ, કેટલાક ધાર્મિક સવાલો ચર્ચી વૈમનસ્ય કોમમાં ઊભું કર્યું અને જૈન કોન્ફરન્સ જૈન સિદ્ધાંતોને માન્ય રાખી ચાલનારી હોવી જોઇએ, તેથી ધાર્મિક વિષયો તેમાં લાવવા ન જોઇએ. સેવાભાવી કાર્યવાહકો ઊભા કરવા જોઇએ વગેરે. મૂળભૂત મુદ્દાઓ ઉપર કોન્ફરન્સની નીતિ ઘડાશે નહિં ત્યાંસુધી કોન્ફરન્સ લોકપ્રિય બનશે નહિ વગેરે વક્તવ્યમાં કહી કોન્ફરન્સ ખુલ્લી મૂકી જાહેર કરી હતી. કોન્ફરન્સના સંચાલકો ઉપરોક્ત મુદ્દા પર કોન્ફરન્સને સક્રિય બનાવવી હશે, જીવનવાળી રાખવી હશે, તો તે ધ્યાનમાં રાખી નાવ ચલાવશે તો જરૂર લોકપ્રિય, સેવાભાવી બની શકશે. ત્યારબાદ સ્વાગત કમીટીના પ્રમુખ શેઠ મૂળચંદજીએ છજમલજી મારવાડમાં શું નથી અને શું છે તે જણાવ્યું હતું અને વે છી સક્રિય કરવાના કેટલાક કાર્યો વગેરે મહત્વતાવાળા જણાવી પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું હતું.

આ અધિવેશનના પ્રમુખ રાવસાહેબ કાન્તિલાલ ઇશ્વરદાસે પોતાના વકતવ્યમાં જણાવ્યું છે કે–ગોડવાડ સંઘના મારવાડી બંધુઓએ પોતાને આંગણે જરૂરી વખતે આમંત્રણ આપ્યું તે તેને આભારી છે. પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજશ્રીની જૈન સમાજ અને ધર્મ માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદાત્ત ભાવના આપણે સમજી શકયા નથી. કેળવણીની અનેક સંસ્થાઓ ખોલવા પ્રેરણા આપી તેથી નવી પ્રજા આજે ફળ ચાખવા મંડી છે. દેશની ચાલુ સ્થિતિ અને આપણી ફરજ માટે દિશા-સૂચન કરી, કોન્ફરન્સે અત્યારસુધી કરેલી પ્રવૃત્તિની હકીકત જણાવી સંપ-ઐક્યતા સંબંધી જરૂરીયાત વગેરે સંબંધી વિવેચન કર્યા બાદ મુંબઇ સરકારના ટ્રસ્ટએક્ટ બીલથી આપણા પવિત્ર દેવદ્રવ્યની હૈયાતિ ભયમાં આવી પડી છે, ભિક્ષા સંબંધી બીલથી ત્યાગી મહાન આત્માઓના વિકાસમાં અંતરાય ઊભો થશે, આવા આવા ઠરાવો કરતાં સરકારે કોન્ફરન્સ જેવી સંસ્થાને પુછાવે, તેની સલાહ લે, તેની સાથે વાટાઘાટ કરે તેવા પગલા લે તો જ યોગ્ય માર્ગ નીકળે, ઊહાપોહ થવો જોઇએ વગેરે સંબંધી તેઓ સાહેબે પોતાના અનુભવપૂર્ણ અને બુદ્ધિમત્તાએ કરી શું કરવું જોઇએ તે જણાવ્યું હતું. પછી જૈન વિદ્યાપીઠની જરૂરીયાત સંબંધી વિવેચન કરી, આપણી સાધુ સંસ્થાએ હાલના સમયે સુશિક્ષિત, સમયની વ્યવહારિક કેળવણી લીધેલા, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને સાયન્સનું યોગ્ય શિક્ષણ મેળવેલ તેવા મુનિઓનો ઉમેરો થાય તો પ્રજાને ધર્મને માર્ગે વાળવામાં ખૂબ સરલતા પ્રાપ્ત થાય, તથા સાધુસંગઠનની ખામી છે તેવા ચિન્હો હાલ જણાતા નથી તેની પણ તે સમાજમાં જરૂરીયાત છે તેમ જણાવી, વ્યાપાર જૈનોનો હાથમાંથી સરી પડયો છે તે સમજી તેને ખેડવાના પ્રયત્નો કરવાના છે, તેમજ આપણા મધ્યમ વર્ગની મોંઘવારીને લઇને ન કલ્પી શકાય તેવી ભયાનક સ્થિતિ જણાવી તેને માટે લક્ષ્મીવંતો પૈસા આપે, કોન્ફરન્સ વ્યવસ્થા કરે, આચાર્યો દોરવણી આપે તેને મધ્યસ્થ સમિતિ રચવા પોતાનું નમ્ર સૂચન કર્યા બાદ હવે કોન્ફરન્સે શું શું કરવું, કયા કાર્યો કરવા તેનો સ્ફોટ કરી પોતાનું વકતવ્ય પૂર્ણ કર્યું હતું. પ્રમુખશ્રી કાન્તિલાલભાઇના ભાષણમાં સેવાની ધગશ, સ્વાર્પણની તત્પરતા એવી જણાતી હતી કે આ કોન્ફરન્સના તેઓને મુગટમણી સ્થપાવાથી ભાવી પ્રગતિશીલ જણાય છે.

## આ કોન્ફરન્સમાં નીચેના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

**પ્રથમ ઠરાવ:**—એકનાનો બહુમતિથી શ્રી મોતીચંદ વીરચંદ માલેગામવાળાની દરખાસ્ત, શાહ મગનલાલ મૂળચંદના ટેકાથી પસાર થયો હતો.

આ ઠરાવ માટે નવ મતવાદીઓએ પ્રચંડ વાંધો ઉઠાવ્યા છતાં શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીની આજ્ઞાને વશ થઇ તેઓએ સિદ્ધાંતનો ભોગ આપી ઠરાવ કરવામાં આવ્યો હતો. તે ઠરાવ ઉપર આચાર્ય-મહારાજે પ્રવચન કરતાં જણાવ્યું હતું કે આ ઠરાવથી સંઘો તથા સાધુ સમુદાય એક થશે અને તેથી મુંઝવી રહેલા પ્રશ્નોનો આપણે ઉકેલ કરી શકીશું.

**ઠરાવ બીજો**—મધ્યમ વર્ગના ધંધા રોજગારે ચડાવવા સંબંધી હતો.

**ઠરાવ ત્રીજો**—સ્વતંત્ર લોકતંત્રને આવકારતો શેઠ રતનચંદ ગોલેચ્છા જયપુરે રજુ કર્યો હતો. તે પર વિવેચનથી ભારત અને પ્રાંતિક સરકારોને જૈનોના ધર્મમાં હસ્તક્ષેપ નહિં કરવાની અરજ કરી હતી. શ્રી લાલચંદજી ઢઢ્ઢાના ટેકાથી પસાર થયો હતો.

**દેવદ્રવ્ય ઉપર** ઠરાવ શેઠ ભાઇચંદ નગીનભાઇ ઝવેરીએ વિવેચન સાથે રજૂ કર્યો હતો. અને દેવદ્રવ્ય મીલ્કતનો કાયમ માટે માત્ર જિનમૂર્તિ અને જિનમંદિરો માટે ઉપયોગ કરવો જોઇએ તેની વિરૂદ્ધ કોઇપણ સંઘમાંહેની વ્યક્તિ તેની વિરૂદ્ધ મંતવ્ય રજુ કરે, પ્રચાર કરે તે જૈનધર્મના મૂળભૂત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધાંત છે, તેનો ઘાત કરનાર છે તેમ આ કોન્ફરન્સ માને છે જે ઠરાવ જવાહરલાલ નાહટાના ટેકા સાથે પસાર થયો હતો.

પ્રમુખસ્થાનેથી **ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ ( ૧૯૪૯ )** થી શું નુકસાન છે તેનો વિવેચનપૂર્ણ રેફેટ કરી તેમાં યોગ્ય સુધારો કરવા સરકારને આગ્રહપૂર્વક વિનતિ કરે છે.

**ઠરાવ બીજો**—અખીલ હિંદ જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સમિતિની મુંબઈમાં તા. ૮-૯ સપ્ટેમ્બર સં. ૧૯૪૯ ના રોજ મળેલ સભામાં જૈન ધર્મ લિંક થયેલ ઠરાવને આ જૈન શ્વેતાંબર કોન્ફરન્સ બહાલી આપે છે અને જૈન અને હિંદુધર્મ એક બીજાથી જુદા છે તે માટે વિવેચન કર્યા બાદ સર્વાનુમતે બંને ઠરાવો પસાર થયા હતા.

**ભીક્ષા પ્રતિબંધક કાયદો**—આ કાયદાનો મુખ્ય ઉદ્દેશ માણસોને પ્રમાદી, ઉદ્યમ વગરના અને સમાજ ઉપર બોજારૂપ થતાં તેમજ તેવાઓ દુર્વ્યસની થાય છે તેમને સુધારવાનો છે, જ્યારે આત્મકલ્યાણાર્થે જેમણે સંસાર ત્યાગ કર્યો હોય તેઓને આવો કાયદો લાગુ ન પડે એમ સ્પષ્ટ છે અને તે બંને વ્યક્તિઓને જુદા પાડવામાં કાંઇ મુસીબત નથી અને સમાજમાં જેમનું સન્માન છે. તેમને ભીખારી ગણી અપમાન બરાબર છે વગેરે; જેથી આ કોન્ફરન્સ મુંબઇ સરકારને આગ્રહપૂર્વક વિનંતિ કરે છે કે તે કાયદાની કલમ ૨ ( ૧ ) બીજામાં યોગ્ય સુધારો કરી ત્યાગી મહાત્માઓને ખાનગી મકાનોમાં જઈ ભીક્ષા લે તેને સામેલ કરવામાં ન આવે વગેરે ઉપર શેઠ શિવલાલ તલકચંદ બેરીસ્ટરે દરખાસ્ત રજુ કરી હતી જેને શ્રી મણિલાલ જયમલના ટેકાથી સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

**મધ્યમ વર્ગને રાહત**—હાલની વિષમ સ્થિતિ અને સખ્ત મોંઘવારીને લઇને જૈન સમાજનો મધ્યમવર્ગ અત્યંત મુશ્કેલ સ્થિતિમાં મુકાઇ ગયેલ છે અને જીવનનિર્વાહ લગભગ મુશ્કેલ બની ગયેલ છે જેથી તેને પગભર કરવા, હુન્નર-ઉદ્યોગના અનેક ક્ષેત્રોમાં કામે લગાડવા, તેમની સ્થિતિ સુધારવા તરતજ અમલમાં મૂકી શકાય તે માટે જીવનનિર્વાહની વસ્તુઓ ઓછા દરે આપવા, તે માટે જરૂરી ફંડ ઉભા કરવા, નાના હુન્નર-ઉદ્યોગો શિખવવા, નાની શિક્ષણશાળા સ્થાપવા, ઉદ્યોગમંદિરો ખોલવા તેમજ ગૃહ શિક્ષણશાળા-શિવણ, ગુંથણ વગેરે માટે સ્ત્રી ઉપયોગી શિક્ષણ આપવા સંસ્થા સ્થાપવા વગેરે માટે જૈન કોમને અપીલ કરવામાં આવે છે. વગેરે વિવેચન સાથે શ્રી નાથાલાલ પરિખે રજૂ કરેલ ઠરાવ શ્રી રતીલાલ નાણાવટીની કેટલીક સૂચના અને ટેકા સાથે દીપચંદ શાહ, શ્રી વરધીલાલ વમળશી, શાહ ફૂલચંદ હરિચંદ, કમળાબેન શેઠ, બાબુરામ વકીલ, શ્રી સુરજમલ સંઘવી, મોહનલાલજી દેવલી, રતનચંદ કોઠારી વગેરેના ટેકા સાથે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

**આચાર્યશ્રીનું ઉદ્બોધન**—આચાર્યમહારાજે તે વખતે એકતા સંબંધી કરેલું પ્રભાવશાળી વિવેચન અસરકારક નિવડયું હતું.

તે એકતાના ઠરાવ ઉપર શ્રી મોતીચંદ વીરચંદે ઠરાવ રજૂ કરતાં જણાવ્યું કે જૈનધર્મ ઉપર ઘણા આઘાતો થઇ રહ્યા છે તેવા વખતે ઐકય માટે માલેગામ સમિતિએ અને સુરત મુકામે સ્ટેન્ડીંગ કમીટીએ પાસ કરેલ ઠરાવ—" અમદાવાદ મુકામે મળેલી સાધુ સંમેલને ( સન ૧૯૩૪ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરેલા દીક્ષા સંબંધી ઠરાવને વધાવી લે છે અને વડોદરા રાજ્યના દીક્ષા સંબંધીના અને તેના લગતા બીજા ઠરાવો આથી રદ થાય છે અને જૈનશાસ્ત્ર સિદ્ધાંતો અને પ્રચલિત અનુષ્ઠાનો જે પ્રમાણે માન્ય રખાયા છે તે માન્ય રાખશે જેથી તેના કોઈ અધિકારી તેને હિણુપત લગાડે તેવું બોલશે કે લખશે નહિં. તે ઠરાવ શા મગનલાલ મૂળચંદના ટેકા સાથે સર્વાનુમતે પસાર થયો હતો.

તે પછી જૈનોને આચાર્યમહારાજે સંપ અને ઐકય અને સ્વામીવાત્સલ્યના સ્વરૂપ ઉપર હૃદયદ્રાવક અમૃતમય વાણીવડે ઉપદેશ આપ્યો હતો અને જૈનકોમને દર્દભરી અપીલ કરી હતી. ઉપસંહાર કરતાં જૈન સમાજમાં ઐકયતા થતી હોય તો એ ખાતર હું મારી આચાર્ય પદવી બાજુ ઉપર મૂકી દેવા તૈયાર છું, એ દીન જોવા હું ભાગ્યશાળી થાઉં તેમ ઇચ્છું છું. સંઘને જ્યારે મારી જરૂર પડે ત્યારે હું તૈયાર છું વગેરે માટે કરેલું વિવેચન સર્વના હૃદયમાં કોતરાઇ રહ્યું હતું. **ધન્ય છે આચાર્ય મહારાજ!!! તરણતારણ મહાત્મા!**

તેના ઉપર શ્રી મોહનલાલ ચોકસીએ સ્પષ્ટીકરણ કરતાં જણાવ્યું કે–વડોદરા સરકારે અઢાર વર્ષની વયે દીક્ષા આપવાનો ઠરાવ અને તે કાયદાનો ભંગ કરનારને છ માસની શિક્ષા તે કાયદો શ્રદ્ધાસંપન્ન જૈન સ્વીકારી શકે તેમ નથી, કારણ કે આગમોમાં આઠ વર્ષની દીક્ષાનું ફરમાન છે. આવો વડોદરાનો કાયદો કરાવવામાં અખિલ હિંદની આ કોન્ફરન્સ હોવાથી સામુદાયિક દૃષ્ટિ રાખવી જોઇએ, તે પ્રમાણે નહિં રાખવાથી કોન્ફરન્સમાં ભંગાણ પડયું છે અને સાધુ સમાજની નજરમાં તે ઉતરી પડી છે વગેરે. અહિં જે વાત છે તે વડોદરા રાજ્યે કરેલા ઠરાવને રદ કરાવવાની છે, મધ્યમવર્ગને ટદ્ધાર કરવો હોય તો એકતાની જરૂર છે ને આ ઠરાવદ્વારા જ તે સિદ્ધ થશે. આ વિવેચન થઇ રહ્યા બાદ ચમત્કારી અસર થવા સાથે ઠરાવ ( વિરોધ પક્ષનો વિરોધ ઓગળી જવા સાથે ) સર્વાનુમતે ઠરાવ પસાર થયો હતો.

**જૈન ધર્મ સંબંધી આલેખન, આગામી વસ્તી ગણત્રી, તીર્થો, જિનમંદિરો અને સરકારી કાનૂનો** ને સાહિત્ય ઊંડા અને ઇતિહાસના અભ્યાસ વિના વિવેચન અને રેડીયોદ્વારા વક્તવ્ય વહેતું મૂકવામાં આવે છે. તે માટે આ કોન્ફરન્સ ભારપૂર્વક જણાવે છે કે–તેવું બોલતાં, લખતા પૂર્વ જરૂરી જ્ઞાન મેળવાય તો પરંપરા મન દુખવવાનો પ્રસંગ ન આવે વગેરે હકીકત જણાવતાં અને જૈન-તીર્થો વગેરે અંગે કાયદો કરતાં પહેલાં જૈનપ્રતિનિધિ સંસ્થાઓનો અભિપ્રાય મેળવવા વગેરે માટે આ કોન્ફરન્સ સરકારનું ધ્યાન ખેંચે છે. તે પછી કોન્ફરન્સની સ્થાયી સમિતિ નવી નીમવાની ચૂંટણી થઇ હતી. વગેરે ઠરાવો પછી કોન્ફરન્સની પૂર્ણાહુતી થઇ હતી. આ કોન્ફરન્સની સફળતા થવામાં આચાર્ય મહારાજની પ્રેરણા, આશીર્વાદ, વિવેચન, પ્રભાવશાળી વકતવ્ય, શેઠ કસ્તુરભાઇના મુબારક હાથે ઉદ્ઘાટન, રાવસાહેબ અને કાન્તિલાલ શેઠની ધગશ, કુનેહ વગેરેવડે પ્રમુખસ્થાન અને કાળની પરિપકવતા થવાથી આ શુભ નિમિત્તો સાંપડ્યા છે. પરમાત્માને પ્રાર્થના છે કે–જૈન કોન્ફરન્સ ભાવિમાં પ્રગતિશીલ થઇ જૈન ધર્મનો ઉત્કર્ષ-પ્રગતિ કરવા ભાગ્યશાળી થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આચાર્યશ્રી વિજયલલિતસૂરિજીનો ખેદકારક સ્વર્ગવાસ.

આચાર્યશ્રી વિજયલલિતસૂરિજી મહારાજની શારીરિક પરિસ્થિતિ છેલ્લાં પાંચ છ મહિનાઓથી વધુ બગડી રહી હતી છતાં સાધુક્રિયામાં બરાબર પૂરો ખ્યાલ રાખતા હતા. સૂતા સૂતા પણ હાથમાં માળા લઇ ફેરવવા ચૂકતા ન હતા. આચાર્યશ્રીજી પણ તેમને ઉપદેશદ્વારા શાંત્વન આપતા અને ઉપચાર કરાવતા પરંતુ ખુડાલા(મારવાડ)માં મહા શુદી ૯, તા. ૨૭મી જાન્યુઆરી શુક્રવારે સવારના દશ વાગતે સમાધિપૂર્વક સ્વર્ગે સિધાવ્યા. દરરોજની પેઠે સવારે પ્રતિક્રમણ કર્યું. નવસ્મરણ સાંભળ્યા. પ્રભુપ્રતિમા મંગાવી દર્શન કર્યાં. નૌકારસીનું પચ્ચકખાણ પાર્યું. ઔષધી વાપરી. શ્રી ગુરુદેવ આચાર્ય ભગવાન એમની ઓરડીમાં સુખસાતા પૂછવા પધાર્યા. શ્રી ગુરુદેવને દ્વાદશાવર્ત વંદન કર્યું અને વ્યાખ્યાનમાં પધારવા સૂચવ્યું. વ્યાખ્યાન સભામાં પધારી પાટ ઉપર બિરાજ્યા હશે એટલામાં એઓશ્રીજીના મુખમાંથી લોહી નીકળ્યું. પાસે બેઠેલા પં. સમુદ્રવિજયજીને કહ્યું કે ગુરુદેવને બોલાવો. ગુરુદેવ પધાર્યા. પંન્યાસજી નવકારમંત્ર, ચત્તારિ મંગળ જોરથી સંભળાવા લાગ્યા. એટલામાં તો ગુરુદેવ શબ્દોચ્ચાર સાથે જ આ ફાની દુનિયાને ત્યાગી સ્વર્ગમાં પધાર્યા. સ્વર્ગવાસી આચાર્યશ્રીજી, આચાર્યવર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની જમણી ભૂજા સમાન દરેક કાર્યમાં સહાયક હતા. તેઓશ્રીજીમાં ગુરુભકિત પૂરેપૂરી ભરેલી હતી. જેવા પ્રખર વિદ્વાન હતા તેવા જ મધુરી હિન્દી ભાષાના પ્રખર વક્તા પણ હતા.

એઓશ્રીનો સ્વર્ગવાસ થવાથી જૈન સમાજને એક પ્રખર પ્રચારકની ખોટ પડી છે.

ખાસ ગોળવાડ (મારવાડ) પ્રાન્ત ઉપર એઓશ્રીજીનો ઘણો જ ઉપકાર હોવાથી એઓશ્રીજીના સ્વર્ગગમનના સમાચાર સાંભળતાં જ પાલી, સાદડી, ધાણેરાવ, વિજોવા, વરકાણા, ખીમેલ, રાણી વગેરેથી લગભગ ત્રણથી ચાર હજાર માણસ ભેગું થયું. ખુડાલા શ્રીસંઘે સ્વર્ગવિમાન તૈયાર કરાવ્યું. ત્રણ વાગ્યે હજારો જૈન જૈનેતર માનવીઓ સાથે ભારી જુલુસ કાઢી એઓને અગ્નિસંસ્કાર કરવા સારૂ ફાલના મુકામે લઇ ગયા. વાજિંત્ર સાથે જુલુસમાં શ્રી પાર્શ્વનાથ જૈન ઉમેદ હાઇસ્કુલનું બેન્ડ, ઢોલ વગેરે હતાં. શ્રી સંઘના તરફથી અને જુદા જુદા સદ્‌ગૃહસ્થો સેંકડો રૂપીયા આદિ ઉછાળતા હતા. જૈનધર્મશાલાના બગીચામાં નિરાનંદે અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. નિર્વાણ મહોત્સવમાં ૩૧ મણ ઘી બોલી હીરાચંદજી, વાદીદાસજી, નવલાજી અને ચુનીલાલજીએ પાલખી ઉપાડી હતી, શેઠ પૃથ્વીરાજજી, ભભૂતમલજી, ઓટરમલજીએ ૯૫ મણ બોલીને પાલખી ચિતા ઉપર મૂકી હતી. ૫૦૧) મણની બોલીવડે બાલીનિવાસી શેઠ જીવરાજ સાગરમલ, ખીમરાજજી ચોપડાએ અગ્નિદાહ આપ્યો હતો.


ખુડાલા શ્રી સંઘે એ સ્વર્ગવાસી આચાર્યશ્રીજીની સેવા સારી રીતે બજાવી હતી. શ્રી મહાવીર વિદ્યાલય, ઉમેદપુર, વરકાણા વગેરે શિક્ષણના ધામોના સંરક્ષક ઉત્પાદન સહાયક બની મારવાડ પર પણ ઉપકાર કર્યો હતો.

## ખુડાલામાં શોકસભા.

અગીયારસે ઉપાશ્રય પાસેના ખુલ્લા ચોકમાં શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના પિતા **ગુલાબચંદજી ઢઢ્ઢાની** અધ્યક્ષતામાં જાહેર સભા ભરવામાં આવી. શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં એઓશ્રીજીની જીવનઘટનાઓ ઉપર સારો પ્રકાશ પાડયો હતો. મુંબઇ પધારી શ્રી મહાવીર જૈન વિદ્યાલયને મજબૂત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આચાર્યશ્રી વિજયલલિતસૂરીશ્વરજી મહારાજ.**

સ્વર્ગારોહણ તિથિ માહ શુદી ૯ શુક્રવાર તા. ૨૭-૧-૧૯૫૦

ગામ **ખુડાલા**—( મારવાડ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનાવ્યું. ૫૦૦) માઇલના લાંબા વિહારમાં જે જે કષ્ટો સહન કર્યાં આદિનું વર્ણન આકર્ષક હતું. લલિત ગુરૂ લાલિત્ય છિન ગયા. અધ્યક્ષસ્થાનેથી દઢ્ઢાજી સાહેબે પણ સુંદર વિવેચન કર્યું હતું.

એઓશ્રીજીનો જન્મ ૧૯૩૬ માં ગુજરાંવાલા શહેરની નજીક ભકરીયાલી ગામમાં થયો. નામ લક્ષ્મણુસિંહજી. ૧૯૫૪ માં નારોવાલમાં આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજી મહારાજની પાસે દીક્ષા લીધી, અને એઓશ્રીજીના જ શિષ્ય થયા. નામ મુનિ શ્રી લલિતવિજયજી રાખવામાં આવ્યું. પંન્યાસપદ ૧૯૭૫ વાલીસારવા, ૧૯૯૨ માં આચાર્યપદ, મીયાગામ ગુજરાત. પોતે વ્યાકરણ, કાવ્ય, કોષ સાહિત્યાદિ આગમ-ગ્રંથાદિનો અભ્યાસ કરી સ્વમત પરમતમાં નિપુણ બન્યા.

## પૂજ્ય આચાર્યશ્રી વિજયલલિતસૂરિજી મહારાજનો સ્વર્ગવાસ.

સં. ૨૦૦૬ નાં માહ સુદી ૧૧ રવિવાર તા. ૨૯-૧-૫૦ નાં રોજ સાંજનાં પાંચ વાગે **ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભા**ની એક મીટીંગ શેઠ શ્રી ગુલાબચંદ આણંદજીનાં પ્રમુખપદે મળી હતી. જેમાં પૂજ્ય આચાર્યશ્રી વિજયલલિતસૂરિજી મહારાજનાં સ્વર્ગવાસ માટે નીચે મુજબ દિલગિરીનો ઠરાવ કરવામાં આવ્યા હતો.

ઠરાવ.

" આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનાં પટ્ટધર શિષ્ય આચાર્ય વિજય લલિતસૂરિજી મહારાજ ઘણાં વર્ષોનાં દિક્ષીત, બાલબ્રહ્મચારી, સાહિત્યકાર, જ્ઞાનગરિષ્ઠ, ચારિત્રપાત્ર, વ્યાખ્યાનકાર, ગુરુભક્ત અને સતત વિહારી હતા, તેમજ સં. ૨૦૦૪ ની સાલમાં ભાવનગર શ્રી સંઘની વિનંતિથી ચાતુર્માસ પધાર્યા હતા જે વખતે તેઓની માંદગી હોવા છતાં વ્યાખ્યાન વગેરેથી શ્રી સંઘનો ચાહ પણ સારો મેળવ્યો હતો. તેઓશ્રીની વ્યાખ્યાનશૈલી માટે જૈનો ઉપરાંત જૈનેતરો પણ ઘણા ખુશી થયા હતા. તેઓશ્રી તા. ૨૭-૧-૧૯૫૦ નાં રોજ ખુડાલા ( મારવાડ ) મુકામે કાળધર્મ પામ્યા તે માટે આ સભા પોતાનો અતિ ખેદ પ્રદર્શિત કરે છે અને તેમનાં પવિત્ર આત્માને અખંડ-અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરે છે."

સભાના મુખ્ય સેક્રેટરી **ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે** આચાર્ય મહારાજશ્રીનાં જીવનપ્રસંગો પર ખેદ સહિત વિવેચન કર્યું હતું અને ઉપરનો ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

## શેઠ જાદવજીભાઇ નરશીદાસનો સ્વર્ગવાસ.

શહેર ભાવનગરના જૈન સમાજના અગ્રગણ્ય શેઠ શેઠશ્રી **જાદવજીભાઈ નરશીદાસ** કે જેઓ મધ્યમ વર્ગમાંથી આગળ આવેલા શ્રેષ્ઠ વેપારી હતા, તેમનું સમગ્ર જીવન બાહોશ વ્યાપારી સાહસિક ઉદારતા વગેરેથી ભરેલું હતું, તેમજ માત્ર આપબળ અને બુદ્ધિમતા અને જાતમહેનતવડે વેપારી આલમમાં આગળ પડતું સ્થાન મેળવવા ભાગ્યશાળી થયા હતા. તેઓશ્રીનું ખેદજનક અવસાન મુંબઇમાં તા. ૪-૨-૫૦ નાં રોજ થયું હતું. મૃત્યુ સમયે તેમની ઉમ્મર લગભગ ઓગણસાઠ વર્ષની હતી. તેઓ સ્વભાવે શાંત અને ધર્મશ્રદ્ધાળુ હતા. તેઓ આ સભાના માનવંતા પેટ્રન હતા. તેમના અવશાનથી સભાને એક લાયક પેટ્રનની ખોટ પડી છે. પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને અખંડ અનંત શાંતિ આપે એમ આ સભા પ્રાર્થે છે. તેમના સુપુત્રોને તથા કુટુંબને દિલાસો આપવા સાથે તેઓના સુપુત્રો કુશળ વ્યાપારી બની ઉદારત્તાપૂર્વક પિતાનાં સંસ્કાર સાથે કીર્તિમાં વધારો કરે તેમ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ખેદજનક અવસાન.

**શાહ મગનલાલ તારાચંદ** શિહોરનિવાસી કે જેઓ આ સભાનાં લાઇફ મેમ્બર હતા તેમનું સં. ૨૦૦૬ નાં પોશ સુદી ૧૦ ને શુક્રવારે ૭૩ વર્ષની ઉમ્મરે ખેદજનક અવસાન થયું છે. તેઓ મીલનસાર સ્વભાવના અને ધર્મશ્રદ્ધાળુ હતા. આ સભાનાં તેઓ ઘણા વર્ષથી લાઈફ મેમ્બર હતા. સદ્દગતનાં આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

**શાહ કપુરચંદ ભાણજી** ભાવનગરનિવાસી કે જેઓ આ સભાના લાઇફ મેમ્બર હતા તેમનું સં. ૨૦૦૬ ના પોશ વદી ૧૧ ને શનિવારે ખેદજનક અવસાન થયું છે. તેઓ માયાળુ અને ધર્મશ્રદ્ધાળુ હતા. આ સભાના તેઓ ઘણા વર્ષથી લાઇફ મેમ્બર હતા. સદ્દગતનાં આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

# સ્વીકાર–સમાલોચના.

### નૂતન સ્તવનાવલી—રચયિતા આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ.

આ ગ્રંથમાં આચાર્ય મહારાજ વિરચિત અત્યાર સુધીની બધી કૃતિઓનો સ્તવનો, સજ્ઝાયો, ચૈત્યવંદનો અને સ્તુતિઓનો સંગ્રહ ગવાતા રાગોમાં, સરલ ભાષામાં પ્રચલિત મધુર વિવિધ રાગોથી બનેલ સંગ્રહ છે કે જેનો લાભ ઘણા સ્થળોએ લેવામાં આવે છે. જે વાચકોને રસ ઉત્પન્ન કરે તેવું છે. આચાર્ય મહારાજશ્રીનું જીવનવૃત્તાંત, ફોટો અને કૃતિની સંગીત સરલતા, પ્રતિભા વગેરે આ ગ્રંથમાં શ્રીવિજયભુવનતિલકસૂરિ મહારાજે આપી ગુરુભક્તિ બજાવી છે. આ ગ્રંથમાં ભક્તિ, વૈરાગ્ય, આધ્યાત્મિક વગેરેવડે પાંચ વિભાગમાં તેની સંકલના કરવામાં આવી છે. લાભ લેવા જેવું છે. સારા કાગળો, સુંદર ટાઇપો, બાઈંડીંગ કવર ને જેકેટ વગેરેવડે ગ્રંથની સુંદરતામાં વૃદ્ધિ કરી છે. પ્રકાશક શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા, છાણી–વડોદરા કિંમત ચાર રૂપૈયા.

### શ્રી શ્રાદ્ધવિધિ પ્રકરણ મૂળ શ્રી રત્નશેખરસૂરિકૃત અને તેની સ્વોપજ્ઞ શ્રાદ્ધવિધિ કૌમુદી નામની ટીકા.

આ ગુજરાતી ભાષામાં કરેલ અનુવાદ ગ્રંથ ( સંપાદકો મુનિરાજ શ્રી વિક્રમવિજયજી તથા મુનિરાજ શ્રી ભાસ્કરવિજયજી મહારાજ ). આ ગ્રંથ ગુરૂ મહારાજ જૈન ગ્રંથમાળાના નંબર ૨૩ તરીકે પ્રકાશકે કરેલી છે. જૈનત્વ પ્રાપ્ત કરવા માટે માનવસમૂહને માટે આવા પૂર્વાચાર્યરચિત મૂળ કૃતિના આધારે અનુવાદમાં ઉતરવાનો પ્રયત્ન અને પ્રકાશન અતિ ઉપયોગી છે.

આ ગ્રંથનો અનુવાદ પ્રથમ બે વખત થયેલ હોવા છતાં આ પ્રકાશનમાં વિશિષ્ટતા જોવાય છે તેમ ભાષાની સરલતા અને સુલભતા પણ છે. શ્રાવકોચિત અતીવ ઉપયોગી આ ગ્રંથમાં દિન, રાત્રિ, પર્વ, ચાતુર્માસિક, વર્ષ અને જન્મ એ નામક છ કૃત્યો( ચર્યા )નું વર્ણન છે. કેટલેક સ્થળે સુંદર કથાઓ પણ આપવામાં આવી છે, મનનપૂર્વક વાંચતાં બધી હકીકતો તે પ્રમાણે ચાલતા ( વર્તતા ) માનવતા વધતાં મનુષ્ય જન્મનું સાર્થક કરવા માટે આવા પૂજ્ય પુરૂષોની કૃતિ માટે ઉપકાર સાથે માન ઉત્પન્ન થાય તેવું છે. જૈન સાહિત્યમાં આવા ઉત્તમ ગ્રંથો પૈકીનો આ એક ઉપયોગી સાહિત્ય છે. રૂા. પાંચ રૂપિયા. પ્રકાશક, છાણી–વડોદરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને નમ્ર સુચના.

આપને પુસ્તક ૪૮મા ( સં. ૨૦૦૬ ના શ્રાવણથી સં. ૨૦૦૭ ના અશાડ માસ એક વર્ષ )ની ભેટની બુક **શ્રી આદર્શ જૈન સ્ત્રીરત્નો ભાગ ૨** જે ( કિંમત બે રૂપીયાની ) આપવાનો નિર્ણય થયેલ છે, જે અશાડ માસમાં લવાજમ અને પોસ્ટેજ પૂરતા વી. પી.થી ભેટ મોકલવામાં આવશે. લવાજમ જેમનું આવેલ હશે તેમને પોસ્ટેજ પુરતા વી. પી.થી ભેટ મોકલીશું. આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને અત્યાર સુધી ભેટ આવેલા સુંદર ગ્રંથોની નામાવલી આ ગ્રંથની પાછળના ભાગમાં આપેલ છે, જેથી નવા ગ્રાહકો થનારને માસિક સાથે કેવા સુંદર ગ્રંથો દરવર્ષે ભેટ અપાય છે તે જાણી જૈન બંધુઓને ગ્રાહક થવા સૂચના કરીએ છીએ.

## આગલા અંકોમાં જણાવ્યા પ્રમાણે ત્રણ વર્ષોમાં અમારા આનવંતા સભ્યોને મળેલા અનુપમ ગ્રંથોની ભેટનો લાભ.

**શ્રી સંઘપતિ ચરિત્ર, શ્રી મહાવીર ભગવાનના યુગની મહાદેવીઓ, શ્રી વસુદેવ હિંદી ભાષાંતર, શ્રી શાંતિનાથ ચરિત્ર અને શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર** જેવા ગ્રંથો સં. ૨૦૦૩-૨૦૦૪-૨૦૦૫ એ ત્રણ વર્ષોમાં રૂા. ૪૫) ના ભેટ આપવામાં આવ્યા છે અનેક પ્રશંસાના પત્રો સભાને મળ્યા છે. વળી :—

## અમોને પુછવામાં આવે છે કે :—

**આ સભામાં નવા સભાસદોની વૃદ્ધિ કેમ થતી જાય છે ?**

**સ્થિતિ સંપન્ન જૈન બંધુઓ અને બ્હેનોએ જાણવા જેવું :—**

આ સભાનો પ્રમાણિક વહીવટ, દર વર્ષે રિપોર્ટ, સરવૈયું વગેરેનું પ્રકાશન, સદ્ધર જામીનગીરીમાં નાણાનું રોકાણ અને ગયા અંકોમાં જણાવ્યા પ્રમાણે ગયા **ત્રણ વર્ષોમાં** રૂા. ૪૫) ના પુસ્તકો ( જે ( આત્મકલ્યાણના ઇચ્છુકને તે રીતે,-આર્થિક લાભની દૃષ્ટિવાળાને તે રીતે ) દર વર્ષે પેટ્રન, તથા લાઇફ મેમ્બરોને પૂર્વાચાર્ય મહારાજકૃત મહાપુરૂષો અને સ્ત્રી રત્નોના સચિત્ર સુંદર આકર્ષક મ્હોટા ગ્રંથોના ભેટનો લાભ પુષ્કળ રીતે આ સભા ઉદારતાથી આપે છે, જેથી જૈન બ્હેનો અને બંધુઓને ગુરૂ, જ્ઞાન, તીર્થ અને સાહિત્ય ભક્તિનો લાભ મળવા સાથે આત્મ કલ્યાણ અને આર્થિક લાભ બંને દૃષ્ટિએ લાભ મળતો હોવાથી સ્થિતિ સંપન્ન બ્હેનો અને બંધુઓએ આ સભામાં નવા લાઇફ મેમ્બર થઇ સુકૃતની લક્ષ્મીનો લ્હાવો લેવા જેવું છે, તે માટે વાંચો. ભેટ આપવાના ગ્રંથોની જાહેર ખબર નીચે મુજબ:—

## ૧ મહાસતી શ્રી દમયંતી ચરિત્ર.

**શ્રી માણિકયદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ. સચિત્ર.**

પૂર્વનો પૂણ્યયોગ અને શીલનું માહાત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું, તેનો શુદ્ધ અને સરલ ભાષામાં અનુવાદ કરાવી અમારા તરફથી પ્રકાશનનું કાર્ય શરૂ કરેલ છે. આ અનુપમ રચનામાં મહાસતી દમયંતીના અસાધારણ શીલ મહાત્મ્યના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો આવેલ છે, સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભક્તિ, સતી દમયંતી સાસરે સીધાવતાં માબાપે આપેલી સોનેરી શિખામણો, જુગારથી થતી ખાનાખરાબી, ધૂર્ત જનની ધૂર્તતા, પ્રતિજ્ઞાપાલન, તે વખતની રાજ્યનીતિ, સતી દમયંતીએ વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખો વખતે ધીરજ, શાંતિ અને તે વખતે કેટલાયે મનુષ્યોને ધર્મ પમાડેલ છે તેની ભાવભરીત નોંધ, તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેજ ભવમાં તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું અદ્‌ભુત પઠન પાઠન કરવા જેવું વર્ણન આચાર્ય મહારાજે આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે. ફોર્મ ૩૯ પાના ૩૧૨ સુંદર અક્ષરો, સુંદર બાઇડીંગ કવર જેકેટ સહિત કિંમત રૂા. ૭-૮-૦ પોસ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

## ૨ જ્ઞાનપ્રદીપ ભાગ બીજો.

લેખક—આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિ મહારાજ.

જ્ઞાનના પરિપાકરૂપે ધાર્મિક, નૈતિક અને સામાજિક વિષયો, લેખો કે જે સંસારમાં અટવાયેલા મનુષ્યને સાચી માનવતાનો રાહ બતાવનાર, આબાલવૃદ્ધ સર્વજન સમૂહને હૃદયસ્પર્શી થતાં મનનપૂર્વક પઠનપાઠન કરનારને બોધપ્રદ અને સાથે આત્મિક આનંદ થવા સાથે મનુષ્ય જન્મની કેમ સફલતા થાય તેવી રીતે, સાચી સુગંધી પુષ્પમાળારૂપે ગુંથી સાદી, સરલ, રોચકભાષામાં તૈયાર કરવામાં આવેલ છે. સાતમા વર્ષ ઉપર આ ગ્રંથના પ્રથમ ભાગનું ( એક હજાર કોપીનું ) પ્રકાશન થતાં જૈન જૈનેતર મનુષ્યોને ઉદારતાપૂર્વક એકએક કોપી ભેટ આપવામાં આવેલી હતી, તેની જ ફરી વખત એટલી બધી પ્રશંસા સાથે માંગણી થતાં તેની બીજી આવૃત્તિ ( એક હજાર કોપી )નું પ્રકાશન કરવામાં આવેલ તેનો પણ ઉપરોક્ત રીતે સદ્ઉપયોગ કરવામાં આવેલ હતો. આ બીજા ભાગમાં પણ તેજ વિદ્વાન આચાર્ય મહારાજની કૃતિના નવા ૩૭ વિવિધ વિષયોનો સમૂહ છે, તેની કિંમત રૂા. ૪) છે. વિશેષ લખવા કરતાં પ્રકાશન થતાં વાંચીને લાભ લેવા નમ્ર સૂચના છે. ( બાઇન્ડીંગ થાય છે. )

---

## ૩ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભાગ બીજો.

જનસમૂહનું કલ્યાણ કરનારા મહાન્ પૂર્વાચાર્ય મહારાજાઓ રચિત કથાનુયોગ (કથા સાહિત્ય)માંથી જુદી જુદી આદર્શ ( જૈન સ્ત્રીરત્નો ) શીલવતી વગેરે પવિત્ર આઠ રમણીઓનું સુંદર, રસિક, બ્હેનો માટે આદરણીય, અનુકરણીય, આદર્શ સ્ત્રી-ગૃહિણી અને પવિત્ર સ્ત્રીરત્નો થવા માટે આ સતી ચરિત્રો આલંબનરૂપ છે. દરેક સતી ચરિત્રોનું પઠનપાઠન કરતાં અનેકવિધ આદર્શો અનુપમરીતે જોવાય છે. વિશેષ લખવા કરતાં વાંચકને મનનપૂર્વક વાંચવા નમ્ર સુચના છે. સુંદર ટાઇપો અને સારા કાગળ ઉપર સરલ ગુજરાતી ભાષામાં મજબુત અને આકર્ષક બાઇન્ડીંગથી તૈયાર કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૨-૦-૦ પોસ્ટેજ જુદું. ( બંને ગ્રંથોના ફોર્મ ૩૭ પાના ૫૯૨ શુમારે )

---

## ૪ જૈન મતનું સ્વરૂપ.

લેખક—સદ્ગત ન્યાયાંભોનિધિ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ. ( સરલ હિંદી ભાષામાં )

શ્રી વિજયાનંદસૂરિ સ્વર્ગારોહણ અર્ધશતાબ્દિ પ્રકાશન ( નં. ૨ અને શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા નાં. ૨૫ )

આ ગ્રંથના લેખક મહાનવિભૂતિ છે. આ ગ્રંથમાં સંક્ષિપ્તમાં નવતત્ત્વો, ષડ્દર્શન, કર્મોનું સ્વરૂપ, સાધુ ગૃહસ્થોના ધર્મોવ્રત સ્વરૂપ, દિનકર્ત્તવ્ય વગેરેનું સ્વરૂપ આપવામાં આવેલ છે. જે પ્રાથમિક જ્ઞાન માટે ઉપયોગી પુસ્તીકા છે.

---

**આવતી ૨૦૦૭ની સાલ માટે પેટ્રન સાહેબો તેમજ લાઇફ મેમ્બરોને નવા ગ્રંથો નીચે લખેલાં સચિત્ર જે છપાય છે તે ભેટ આપવામાં આવશે.**

૧ શ્રી શ્રેયાંસનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર

૨ શ્રી દેવભદ્રાચાર્યરચિત શ્રી કથારત્નકોષ પ્રથમ ભાગ જેમાં ( સમ્યક્ત્વનું વિસ્તૃત સ્વરૂપ દરેક બોલ ઉપર સુંદર કથાઓ સહિત )

---

### યોજનામાં નવા સચિત્ર સાહિત્ય ગ્રંથો.

૧ શ્રી સુમતિનાથ ચરિત્ર શ્રી સોમપ્રભાચાર્યકૃત

૨ શ્રી કથારત્નકોષ ભાગ ૨ બીજો શ્રી દેવભદ્રાચાર્યકૃત

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only